# ૧. સર્જક મુલાકાત

## (૧) ભી. ન. વણકર

---

**૧. ગુજરાતી દલિત સાહિત્યકાર તરીકેની આપની સર્જનપ્રક્રિયા વિશે જણાવશો ? ખાસ કરીને ગુજરાતી ટૂંકી વાર્તાના સંદર્ભે......**

સર્જનપ્રક્રિયા એટલે આંતરચેતનાની પ્રક્રિયા. બાહ્યજગતમાંથી જે કાંઈ સ્વાનુભવ્યું, તેનું જ આલેખન. જે સૂક્ષ્મ અને ગૂઢ રીતે પ્રગટતું હોય છે. સર્જન-પ્રક્રિયા દરમ્યાન સર્જકની આંતરચેતનામાં સર્જનાત્મક અને ચૈતસિક ભાવનાવસ્થામાં સર્જાતી શબ્દસાધનાને ઘણી વખ સર્જક સ્વયં પણ સમજી શકતો નથી હોતો. એવી ગૂઢ અને સંકુલ પ્રક્રિયા છે. વાર્તા સૂઝી કેવી રીતે અને તે લખાઈ ગઈ તે કહેવું મુશ્કેલ હોય છે.

બાળપણમાં લીલાંછમ ખેતરોની હરિયાળી નિહાળેલી, પિતાના મૃત્યુ પછી ગરીબાઈમાં વ્યતીત જીવન, એકલતા, યૌવનની ઊર્જા અને અભ્યાસકાળ દરમ્યાન શબ્દ સાથે સંવાદ મૌનભાવે કરતો. મૂળે હું ગામડાનો, શહેરમાં અભ્યાસ. ગરીબી અને હરતાં ફરતાં છૂતાછૂતની યાતનાઓ હૈયાને કોરી ખાતી. છૂપી રીતે વાર્તાઓ લખવાનો પ્રારંભ તો વહેલો કરેલો પરંતુ સૂચનો સાથે પરત આવતી. વાર્તાની કાર્યશિબિરમાં વાર્તા વિશેની સમજ કેળવાઈ. ઘટના, પાત્રો, સંવાદ, વર્ણન, આરંભ, અંત, કથાનક વગેરે મથામણ વાસ્તવમાં વાર્તાની મારી શોધ હતી.

વતનમાં એક આશાસ્પદ યુવાન, બળબળતા બપોરે કેરોસીન છાંટી, વાસ વચ્ચે ભડભડ સળગી ઉઠ્યો. તેના અપમૃત્યુએ મને બેચેન બનાવી દીધો. હંમેશા હસતો, ભલો ભોળો યુવાન શા માટે સળગી મૂઓ? આ કણસતા યુવાનના મૃતાત્માની સમસંવેદનાએ મને તેની આપવીતી લખવા કલમ પકડાવી. વાસમાં બેઠેલો વાર્તા-લેખક જાણે ભાવાવેશમાં અભિભૂત બની હું લખતો રહ્યો અને

'વિલોપન' વાર્તાનો નાયક ઈસલો મને વાર્તા લખાવતો રહ્યો. આંતરચેતનાના સૂક્ષ્મ અને ગૂઢ રસાયન દ્વારા વાર્તાની સર્જન-પ્રક્રિયા સર્જાતી હતી. 'વિલોપન' વાર્તા 'ચાંદની' ના ૭/૧૯૮૬ના અંકમાં પ્રગટ થઈ. જે મારી પ્રથમ દલિત વાર્તા હતી. શહેરનો મીલ મજૂર બેચર પટેલ. ભણેલા નેમલાને મળ્યો પરિણામે 'ઓઝટવા' વાર્તા લખાઈ. વતનમાં દશેરાના દિને 'ધારાવઈ'ની પ્રથાના કારણે 'ધારાવઈ' વાર્તા લખાઈ. એ જ રીતે ખેતર, કૂવો, આંબાવાડિયું, વગડો, વૈશાખી વંટોળનો અનુભવ ના હોત તો 'વંટોળ', 'વતન', 'હરિ ૐ શરણ', 'ગોરું ચંદન', 'સાઈક્લોન' વગેરે વાર્તાઓ ભર્યા-ભર્યા ગ્રામ્ય જીવનના અનુભવની છે. શહેરની ચાલીઓનો અનુભવ ના હોત તો 'આવિષ્કાર', 'લક્ષ્મણ-રેખા' લખાઈ ના હોત. આમ, બાહ્ય-જગતનો સ્વાનુભવ, દલિતો પર થતા અત્યાચારો યાતનાઓ છૂતાછૂત, ભેદાભેદની વેદનાઓ તેમ જ મૂંગા દલિતોની વર્ણસ્પર્શી વેદનાઓ, વ્યથાકથાઓ, દલિતસમાજની નીજી આપદાઓ, ભોમભીતર ધરબાયેલી પૂર્વજોની ચીસો મને ઝંપવા દેતી નહોતી. જે મને વાર્તાઓ લખવા પ્રેરતી હતી. સામાજિક પ્રતિબદ્ધતા અને સામાજિક સ્વાનુભવની સમૃદ્ધિનું યથાર્થ આલેખન મારી સર્જન-પ્રક્રિયાનું ભાથું છે. 'વંટોળ' વાર્તાની નાયિકા 'જીવલી'ના વંટોળિયા ધૂળકોટમાં ઢબૂરાઈ ગયેલાં પગલાંની શોધમાં મેં 'વિલોપન' વાર્તાસંગ્રહની 'વિલોપન'થી 'હરણિયું ય આથમ્યું નથી!'- ચૌદ વાર્તાઓ લખી છે. આગામી બીજો વાર્તાસંગ્રહ 'અંતરાલ'માં પણ ચૌદ દલિત વાર્તાઓનો સમાવેશ થાય છે. આમ, ગ્રામ્ય-શહેરી જીવન, પ્રકૃતિ અને સામાજિક સ્વાનુભવ... હજીય મને દલિત જીવનની વાર્તાઓ લખવા પ્રેરણ આપે છે.

**૨. આપની દલિત વાર્તાઓમાં મુખ્યત્વે કઈ-કઈ દલિત સમસ્યાઓ કે દલિતસંવેદનનું નિરૂપણ થાય છે.**

પ્રારંભમાં મેં પ્રેમ-પ્રકૃતિની વાર્તાઓ લખેલી, જે પ્રગટ થયેલી નહીં, ૧૯૮૧-૮૫નાં દલિત વિરોધી આંદોલનો બાદ દલિતો પર થયેલા અત્યાચારો, હુમલાઓના પરિણામે દલિતોની વ્યથા-કથાઓ ઠેર ઠેર જોવા, જાણવા, અનુભવવા મળી. ગ્રામ્ય અને શહેરી જીવનનો મને સ્વાનુભવ ઘણો. રાત્રે ગામડામાં અને દિવસે શહેરમાં. સાથે સામાજિક પ્રવૃત્તિઓના પરિણામે સામાજિક સંવેદના અને સંચેતના મને હાડોહાડ સ્પર્શેલી. સામાજિક યથાર્થના સ્વાનુભવના કારણે 'વિલોપન' વાર્તાસંગ્રહની તમામ વાર્તાઓ સામાજિક પ્રતિબદ્ધ કલમે વાસ્તવજીવનનું યથાર્થ આલેખન છે.

પ્રથમ વાર્તા 'વિલોપન' ગ્રામ્યજીવનમાં દલિતોની શોષણ સમસ્યા, મજૂરી, પાણી, છેતરપીંડી અને અત્યાચાર. પરિણામે ઈસલો આત્મહત્યા કરે છે. 'ઈસલો હવે ક્યારેય નહીં માગે પાણી, મજૂરીના દાણા, બાથરૂમની સહાય કે મફત ઘરગાળો..' એ જ રીતે 'વતન' વાર્તામાં કથકને વતનની વેદના છે. 'આ મારું વતન નથી' વતન બદલાઈ ગયું છે પણ વેદના તો એની એ જ છે. 'ગોરું ચંદન' વાર્તામાં રામીબહેનની સદભાવનાથી કચરો જીવી જાય છે, તે જ કચરો રામીબેન સાથે છૂતાછૂત રાખે છે. તેનો આક્રોશ રામીબેન ઠાલવતાં કહે છે, 'આના કરતાં તો મેં ગોરું ચંદન ના પીવડાવ્યું હોત તો?' 'આવિષ્કાર' વાર્તામાં અમથો અપૂર્વ બનીને શ્રદ્ધા સાથે લગ્ન કરે છે. તેમાં મીલમજૂરોની સમસ્યાનું વર્ણન છે. અપૂર્વ કહે છે 'ન્યાયી સમાન રચનામાં કોઈએ તો યોગદાન આપવું પડશે ને?' આ બન્ને પાત્રો મીલ મજૂરની ચાલીમાં રહે છે.

'સાઈક્લોન' વાર્તામાં ગ્રામ્યજીવનમાં દલિતોની અવદશાનું-જેમાં ઢોર ઢસડવાની કુપ્રથાનું અને અત્યાચારનું આલેખન છે. 'ઓઝટવા' વાર્તામાં ગામડું

સુધરે છે પરંતુ ગામડાનો બેચરદા પટેલ શહેરમાં ગયા પછી પણ સુધરતો નથી. તેની ભણેલા નેમલાના હૈયે વેદના છે. 'લક્ષ્મમરેખા'માં શહેરની મીલમજૂરોની ચાલીનું વાસ્તવ જીવનની સમસ્યાનું વર્ણન છે. 'ધારાવઈ' વાર્તામાં ગામડાની કુરૂઢીઓ શિક્ષિત મેઘનાથને કેવી કનડે છે? 'વંટોળ' વાર્તામાં દલિતોના જીવનની દર્દનાક દશાનું અને તેમાં જીવલીના વિદ્રોહની વાત છે.

આમ, મારી દલિત વાર્તામાં મુખ્યત્વે ગ્રામીણ અને શહેરી દલિત સમાજ-જીવનની સમસ્યાઓ, જેમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક સમસ્યાઓ, ઉપરાંત અત્યાચાર, અપમાન, કુરિવાજો, કુરૂઢિઓ, છૂતાછૂતના ભેદભાવથી ત્રસ્ત થતું દલિત સમાજ-જીવનનું સ્વાનુભૂત સંવેદનાઓનું નિરૂપણ થયેલું છે. જેમાં પ્રતિબદ્ધતા છે, પ્રતિશોધ છે તેમજ વાસ્તવિક જીવનની વેદનાઓ આલેખાઈ છે.

**૩. ગુજરાતી દલિત ટૂંકી વાર્તામાં આપને કઈ બાબત સૌથી વધુ અસરકારક રીતે પ્રયોજાવી જોઈએ તેમ લાગે છે?**

ટૂંકી વાર્તાનું સ્વરૂપ ઘણું અનુનેય છે. કોઈ નિયમો નક્કી કરવાનું કામ કપરું છે. તેમાંય દલિત વાર્તા વિશે વાત કરવી તેથીય વિશેષ કપરું કામ છે. દલિત વાર્તામાં દલિત જીવનની વેદના, અસમાનતા, અત્યાચાર, ભૂખ અને દુ:ખની સ્વાનુભૂત સંવેદનાને આલેખવાની હોય છે. જેમાં પ્રતિબદ્ધતા છે, પ્રતિશોધ છે, આક્રોશ અને વિદ્રોહ પણ છે. આમ, દલિત ટૂંકી વાર્તાને દલિત જીવનના પ્રશ્નો-સમસ્યાઓ સાથે અતિનિકટનો સંબંધ હોય છે. સમાજની તળ-ધરતી સાથે તેનાં મૂળિયાં જોડાયેલાં હોય છે. પરિણામે સર્જકને મન સામાજિક વાસ્તવિકતાને કલાત્મકતાથી આલેખન કરવાનો પણ હેતુ હોય છે. દલિત ટૂંકી વાર્તા વેદના અને વિદ્રોહ વ્યક્ત કરતી અર્થપૂર્ણ હોય છે તેથી વાર્તામાં પ્રાણ પૂરનાર તત્ત્વ તો સર્જકનું ભર્યું ભર્યું વ્યક્તિત્વ છે. દલિત સર્જકનો સામાજિક નાળ સંબંધ જોડાયેલો હોય છે.

તેથી દલિત સર્જકનો સ્વાનુભવ, તેની સંવેદના-દલિત ટૂંકી વાર્તામાં અસરકારક રીતે પ્રયોજાવી જોઈએ. વાર્તાની ઘટના પ્રતીતિકર અને સહજ હોય તે સ્વાભાવિક છે પરંતુ વસ્તુવિધાન, પાત્રાલેખન અને શૈલી ત્રણેનો સુમેળ ઉપરાંત દલિત જીવનનું ભાવાત્મક દર્શન અને પાત્રોનું માનસદર્શન થવું જોઈએ. એટલું જ નહીં પણ દલિત જીવનનું સાતત્યપૂર્ણ યથાર્થ નિરૂપણ થવું જોઈએ.

**૪. દલિત સાહિત્યને વેગવંતું બનાવવા હાલ કયાં પરિબળો જરૂરી છે ?**

ગુજરાતી દલિત સાહિત્ય પ્રારંભમાં વેગવંતું લાગતું હતું પરંતુ ધીમે ધીમે તેમાં દસ્તાવેજીકરણ થવા લાગ્યું, પરિણામે દલિત સાહિત્યમાં પ્રગટેલો જુવાળ ધીમે ધીમે ઓસરવા લાગ્યો હોય તેમ લાગે છે. એક તરફ શુદ્ધ સાહિત્યની ચર્ચા કરતા વિવેચકો દલિત સાહિત્યની ઉપેક્ષા સેવવા લાગ્યા છે અને બીજી તરફ દલિત સાહિત્યકારોનો ગ્રામ્ય  દલિત-સમાજજીવનનો નાળ સંબંધ તૂટતો ગયો છે એટલે અત્યાચારની છૂતાછૂતના ધિક્કારની, તિરસ્કૃત વ્યથા કથાઓ સ્વાનુભવની નહિ, બલ્કે સાંભળેલી ઘટનાઓના આલેખનમાં આજનો દલિત સર્જક પોતાના કસબથી સભાન બનીને સર્જન કરે છે, પરંતુ પોતીકા લોહીના લયની કથાઓ નથી હોતી તેથી સજીવ હાડમાંસનાં ચરિત્રોનું સર્જન મળતું નથી. આજના સમાજમાં વિચ્છિન્નતા, સંત્રસ્તતા, વિધ્વંસતા અને હતાશા જોવા મળે છે. દલિત સમાજમાં તે ડગલે ને પગલે જોવા મળે છે. સર્વસ્થળે, સર્વસમયે દલિત સાહિત્યના વિષયો પડેલા હોય છે જે ઊઘાડી આંખે જોવા મળે છે તેની સંચેતના અને સંવેદનાનો અર્થબોધ સર્જકની સંવિતિને સમૃદ્ધ કરે છે. સાથે સામાજિક અસહિષ્ણુતા, અભાવ, યાતના, ગરીબી, અત્યાચાર, સમયની બદલાતી તાસીર વગેરેના કસબની સર્જકની સભાનતા જરૂરી છે. આજે તો દલિત સાહિત્યને અનુકૂળ આબોહવા છે ત્યારે નીજી અનુભવોનું આલેખનમાં ઊંડાણ અને વ્યાપ વિસ્તરવા જરૂરી છે. દલિતજીવનનું

સામાજિક વાસ્તવ એ દલિત સાહિત્યની કાચી સામગ્રી છે. તેના આલેખનમાં સર્જકની પ્રતિભાના સંસ્કાર વડે દલિત સાહિત્યમાં નવા અર્થો, નવા સંદર્ભો, નવાં મૂલ્યો પ્રગટ કરવાનો પડકાર દલિત સર્જકોએ ઝીલવાનો છે.

**૫. આપના મતે દલિત સાહિત્યમાં સૌથી વધુ ગતિ કયા સાહિત્ય સ્વરૂપમાં થઈ છે ? શા માટે ?**

પ્રારંભમાં ગુજરાતી દલિત સાહિત્યમાં કવિતા પ્રબળપણે પ્રગટ થવા પામી હતી પરંતુ ધીરે ધીરે દસ્તાવેજીકરણ થતાં કવિતાનો પ્રવાહ મંદ પડવા લાગ્યો. 'આંગળિયાત' અને 'વ્યથાનાં વીતક' નવલકથા અને ચરિત્રોએ સૌનું ઠીકઠીક ધ્યાન દોર્યું હતું. પરંતુ દલિત સર્જકોએ વિશેષ નોંધપાત્ર આ સાહિત્ય સ્વરૂપમાં કામ કર્યું નથી. બે-ત્રણ સર્જકોને બાદ કરતાં નિબંધ, નાટક અને લઘુકથામાં પ્રવાહ મંદ જોવા મળે છે. ટૂંકીવાર્તા સ્વરૂપમાં છેલ્લા દાયકાથી ખૂબ વ્યાપકપણે કામ થયું છે. ગુજરાતી સાહિત્યના સામાન્ય પ્રવાહની સાથે જ દલિત સાહિત્યના પ્રવાહમાં પણ ટૂંકી વાર્તાએ સારું એવું કાઠું કાઢ્યું છે. ગુજરાતીમાં ડઝન જેટલા દલિત વાર્તાકારોએ ટૂંકી વાર્તામાં નોંધપાત્ર કામ કરેલું જોવા મળે છે. વ્યક્તિગત વાર્તાસંગ્રહો, સંકલનો સારા પ્રમાણમાં પ્રગટ થયાં છે. ગુજરાતી દલિત ટૂંકી વાર્તાનો વ્યાપ અને ઊંચાઈ, અન્ય ભાષાના ટૂંકી વાર્તા પ્રવાહમાં લગોલગ જોવા મળે છે. ડૉ. મોહન પરમારનો વાર્તાસંગ્રહ 'અંચળો'માં ત્રીજા ભાગની વાર્તાઓ દલિતવાર્તાઓ છે. જેને ભારતીય સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ વાર્તાસંગ્રહ તરીકે સન્માન મળેલ છે. ટૂંકી વાર્તાનાં તમામ ઘટકતત્ત્વો અન્ય ટૂંકી વાર્તાની હરીફાઈમાં ગુજરાતી દલિત ટૂંકીવાર્તા ક્યાંય ઉણી ઉતરતી નથી. આમ, મારા મતે ગુજરાતી દલિત સાહિત્યમાં સૌથી વધુ ગતિ ટૂંકી વાર્તાસાહિત્યસ્વરૂપમાં છે.

**૬. આપની ગમતી દલિત વાર્તાનું શીર્ષક જણાવશો. શા માટે ગમે છે તે જણાવશો.**

મારો પ્રથમ વાર્તાસંગ્રહ 'વિલોપન' (૨૦૦૧)માં ચૌદ વાર્તાઓ છે. તદુપરાંત આગામી બીજો વાર્તાસંગ્રહ 'અંતરાલ' પ્રગટ થવામાં છે. તેની પણ ચૌદ વાર્તાઓ છે. આમ, કુલ ૨૮ વાર્તાઓ, જે સઘળી દલિત વાર્તાઓ છે. જેમાં 'વંટોળ', 'વિલોપન', 'ગોરું ચંદન', 'સાઈક્લોન' અને 'ધારાવઈ'- ઉત્તમ વાર્તાઓ પૈકી 'વંટોળ' વાર્તા મને મારી ગમતી વાર્તા છે. દલિત વાર્તાકાર માટે તો તેની વાર્તાઓનું કથાનક, તેની સ્વાનુભવની કથા-વ્યથા હોય છે, તેથી વાર્તાકારની સંવેદના અને સંચેતનાનું સાર્થક સ્વરૂપ આપતી વાસ્તવિકતાની અર્થચ્છાયાઓ અને ઈંગિતો દ્વારા માનવીય ભાવમુદ્રાઓ ઉપસાવવી એ સર્જકનું કર્તવ્ય છે. આ સઘળાં ઘટક તત્ત્વોની પ્રતીતિ મને મારી કુલ પ્રગટ થયેલી અઠ્ઠાવીસ વાર્તાઓ પૈકી 'વંટોળ' વાર્તામાં સવિશેષ જોવા મળે છે અને તેથી તે ગમતી વાર્તા છે.

'વંટોળ' વાર્તાની વિગતો છતાંય ટૂંકમાં વાત કરવી હોય તો.. 'વંટોળ' વાર્તાનું શીર્ષક જ પ્રતીકાત્મક છે. વંટોળ શીર્ષક અનેક સંકેતો સૂચવે છે. ખરા બપોરના ઉનાળું વગડે વાતાવરણમાં ભભૂકતો વંટોળ, ફત્તેસંગ, શંકરિયો અને શંભૂડા જેવા હવસખોર સવર્ણોનો વાસનાનો વંટોળ, આ હવસખોરોનો મુકાબલો કરતી, બળૂકી દલિત નારી જીવલીનો ભડભડતો વિદ્રોહનો વંટોળ, સવર્ણોનો વેરના વંટોળરૂપ વાસને સળગાવતી આગનો વંટોળ, તેની સામે ચંડીસ્વરૂપ પ્રબળાનો પ્રતિશોધનો વંટોળ. 'વંટોળ'માં દલિત સમાજ અને દલિતનારીનું ઉત્પીડન, શોષણ, વર્ણવાદી વ્યવસ્થા તેમજ પુરુષ માનસિકતા, તેની સાથે મુકાબલો કરતી જીવલીનું ખમીરવંતું ઝનૂન. નારીચેતના અને તેની ગરિમા અને ભય, નીડરતા અને વિદ્રોહના તાણાવાણા સુંદર રીતે વણાયા છે તેમ જાણીતા હિન્દી લેખિકા રમણિકા ગુપ્તા નોંધે છે. એ જ રીતે જાણીતા વિવેચક ડૉ. અજિત ઠાકોર લખે છે 'સવર્ણોની હવસખોરીનો મુકાબલો કરતી દલિત કન્યા જીવલીના વૈયક્તિક

સંઘર્ષનો સામાજિક સંઘર્ષમાં થતો વિસ્તાર સૂચવે છે.' આ સઘળી હકીકતને ધ્યાને લેતાં 'વંટોળ' મને મારી વાર્તાઓમાં ગમતી વાર્તા છે.

**૭. આપ ગુજરાતી દલિત ટૂંકી વાર્તાને હાલના સંજોગોમાં કઈ દૃષ્ટિએ જુઓ છો ?**

હાલના સંજોગોમાં ગુજરાતી દલિત ટૂંકી વાર્તા વિકસતું અને વિલસતું સાહિત્યસ્વરૂપ છે. આજનો સમાજ સંત્રસ્ત છે. તેમાંય દલિતજીવન યાતનાસભર છે ત્યારે જીવનમૂલ્યોને, સામાજિક મૂલ્યોને ક્ષણના ઘટનાના દર્શનમાં, તણખામાં પ્રગટ કરવાં તેમાં જ વાર્તાકારની કળાની સિદ્ધિ છે. આજની સામાજિક પરિસ્થિતિ, આબોહવા, વાસ્તવિક સમાજ વ્યવસ્થા વ્યવહાર વગેરે વાર્તાની વિશેષ નજદીક હોય છે. ટૂંકી વાર્તા એ કથા છે. સાથે વાર્તાકારનો કસબ પણ કામ લાગે છે. ટૂંકી વાર્તા નાના ફલક ઉપર ભલે રહી પરંતુ તેના તણખાનો વ્યાપ વિશાળ હોય છે એટલું જ નહીં, વાર્તાકથનમાં વ્યંજના, વિસ્મયતા, યથાર્થતા અને અર્થબોધનું રહસ્યદર્શન માત્ર એક તણખા-તેજમાં દલિત વેદના અને ચેતના પ્રગટે- એ જ તો ટૂંકી વાર્તા છે ને? દલિત સાહિત્યસ્વરૂપોમાં ટૂંકી વાર્તા સાહિત્યસ્વરૂપ હાલના સંજોગોમાં વિશેષ અનુરૂપ છે. સામાજિક અત્યાચાર, છૂતાછૂતપણાના ભેદભાવ, તિરસ્કાર, ઉપેક્ષા, અન્યાય, અભાવ, અસમાનતા વગેરેથી દલિત સમાજ યાતના અનુભવી રહ્યો છે. આમ સામાજિક સામગ્રીથી ટૂંકી વાર્તાનું વિષયવસ્તુ ભર્યું-ભર્યું છે. દલિત ટૂંકીવાર્તાના લેખકને ઊછીની ઘટનાઓ શોધવા જવું પડે તેમ નથી. વિષાદ ને વિચ્છિન્નતા, અન્યાય અને આક્રોશ વગેરે દલિત વાર્તાકારને મન સહજ બની જાય છે. પ્રતિબદ્ધતા, પ્રામાણિકતા અને સચ્ચાઈ એ દલિત સર્જક માટે સાનુકૂળ છે. સમાજજીવની દલિત સમસ્યાઓનો દુકાળ નથી. પ્રત્યક્ષ અનુભવની સામગ્રી, જાનપદી જીવન માનવવેદના વગેરે દલિત ટૂંકી વાર્તાને સાનુકૂળ આબોહવાના કારણે તે વિકસી અને વિલસી રહી છે.

**૮. આપની દૃષ્ટિએ ભારતીય દલિત ટૂંકીવાર્તાઓમાં ગુજરાતી દલિત વાર્તાનું શું સ્થાન છે ?**

ગુજરાતી દલિત ટૂંકી વાર્તા, ભારતીય દલિત વાર્તાઓમાં જરૂર પોતાનું સ્થાન અંકિત કરી શકી છે. સર્જકની સભાનતા, કલાનો કસબ, પરિવેશ, માનવ સંવેદનાનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ, સર્જનાકત્મક આલેખન, ઘટનાઓનાં નવાં પરિમાણો, વાર્તાકથનની વિશદ સંવિતિ વગેરે પરિબળો ગુજરાતી દલિત ટૂંકી વાર્તાને વિશેષ પોષણક્ષમ બનાવે છે. પરિણામે ગુજરાતી દલિત ટૂંકી વાર્તા વિશેષ બળવત્તર બની રહી છે. તેમ છતાં મરાઠી અને હિન્દી ભાષાની દલિત ટૂંકી વાર્તાઓમાં આલેખાતું યથાર્થ સમાજજીવન જેમાં ઊઘાડો વિદ્રોહ, તળબોલીનો વિનિયોગ, અનેકવિધ સંકુલતાઓનું આલેખન વગેરે દલિત ટૂંકીવાર્તામાં અનોખું પરિમાણ જોવા મળે છે તેમ છતાં ગુજરાતી દલિત સર્જક, તેનું સર્જનકર્મ પ્રગટ કરવામાં ક્યાંય ઊણો દેખાતો નથી.

**૯. ગુજરાતી દલિત ટૂંકી વાર્તાના ભવિષ્ય વિશે આપનું શું મંતવ્ય છે ?**

ગુજરાતી દલિત ટૂંકી વાર્તાનું ભવિષ્ય ઊજળું છે. સાહિત્યની અનુ-આધુનિક યુગની બે મુખ્ય સાહિત્યધારાઓ નારીવાદી સાહિત્ય અને દલિત સાહિત્ય. એ જ રીતે વૈશ્વિક સાહિત્યમાં બ્લેક લિટરેચર પ્રબળ સાહિત્યધારાએ નામના મેળવી છે એટલું જ નહિ, નોબલ પ્રાઇઝથી પુરસ્કૃત છે.

આધુનિક યથાર્થતાનું આલેખન દલિત સાહિત્યમાં જોવા મળે છે. સમાજ-જીવનનાં મૂલ્યોની અરાજકતાનો મુકાબલો દલિત સાહિત્ય કરે છે. તેમાં નવ્ય સમાજ-જીવનની વિભાવના મૂર્ત થાય છે. મૂલ્યબોધની મથામણ જોવા મળે છે. આજનો દલિત સર્જક માનવીય ભાવનાને સમગ્રતયા તાદૃશ્ય કરે છે. આજની સંકુલ

પરિસ્થિતિમાં સાધારણ માણસની અસાધારણતા આલેખે છે. તેમાં જ દલિત સાહિત્યની ભારતીય સાહિત્યમાં એક આગવી ઓળખ ઊભી થઈ છે.

આજે ગુજરાતી દલિત સાહિત્ય, તેનાં વિવિધ સ્વરૂપોમાં વિકાસ પામી રહ્યું છે. તેમાં વિશેષત: ટૂંકી વાર્તાએ ગજુ કાઢ્યું છે. ટૂંકી વાર્તાના દલિત સર્જકોએ ઉત્તમ દલિત વાર્તાઓ આપી છે. વાર્તાસંગ્રહો અને ટૂંકી વાર્તાનાં સંકલનો પણ નોંધપાત્ર છે. વિવિધ યુનિવર્સિટીઓમાં ટૂંકી વાર્તાઓ અભ્યાસક્રમમાં છે. ગુજરાતી દલિત ટૂંકી વાર્તામાં શોધમહાનિબંધો દ્વારા પીએચ.ડી થવા લાગ્યા છે. ભારતીય સાહિત્યમાં પણ ગુજરાતી દલિત વાર્તા પોંખાવા લાગી છે.

આજના સંત્રસ્ત દલિત સમાજજીવનનાં સંકુલ પરિબળો ગુજરાતી દલિત ટૂંકી વાર્તાને અનુ-આધુનિક યુગની આબોહવા પૂરી પાડે છે. પરિણામે નૂતન માનવમૂલ્યોના નવા અર્થો, નવા સંદર્ભો અને નવાં પરિમાણો પ્રાપ્ત થાય છે. તેથી જ ગુજરાતી દલિત ટૂંકી વાર્તા વિકસી અને વિલસી રહી છે. અસ્તુ.

---

ભી. ન. વણકર, ૫૧૬, ગાયત્રી સોસાયટી, સે. ૨૭, ગાંધીનગર. મો. ૦૭૯૨૩૨ ૩૬૧૭૭

## (૨) ધરમાભાઈ શ્રીમાળી

**૧. ગુજરાતી દલિત સાહિત્યકાર તરીકેની આપની સર્જનપ્રક્રિયા વિશે જણાવશો ? ખાસ કરીને ગુજરાતી ટૂંકી વાર્તાના સંદર્ભે......**

શરૂ શરૂમાં ટૂંકીવાર્તા વાંચવાનો રસ. પાઠ્યપુસ્તકમાંની ટૂંકીવાર્તાઓ વાંચવી-ભણવી ગમે. પરિણામે ટૂંકીવાર્તા લખવાની ઇચ્છા થઈ. એ સમયે ગુજરાતી દલિત સાહિત્ય કે દલિતવાર્તા વિશેની જાણકારી ન હતી. 'ખેમી' કે 'માજાવેલાનું મૃત્યુ' જેવી વાર્તાઓમાં છેવાડાના માનવીનું જીવન વાંચી હૃદય દ્રવી જતું. પછી દલિત સાહિત્યકારો અને દલિત સામયિકો સાથેનો પરિચય થતો ગયો. જન્મે દલિત હોઈ, વેઠેલું-અનુભવેલું જીવતર અને દલિત જગત મને દલિત વાર્તા તરફ ખેંચી ગયું. એવું નથી કે મેં માત્ર દલિત વાર્તાઓ જ લખી છે. શરૂઆત તો મુખ્યધારાની લલિત વાર્તાથી થઈ પણ દલિતવાર્તા લખતાં લખતાં મને કેટલાક દલિત સાહિત્યકારની જેમ ઓળખવા માંડ્યા. હું માત્ર વાર્તાકાર છું. પછી એ શોષિત-પીડિતની હોય કે સમગ્ર સમાજની સાંપ્રત સમસ્યાને અંકે કરવાની વાત હોય.

ખાસ કરીને મારી દલિત વાર્તાઓ ગુજરાતી ટૂંકી વાર્તાના સ્વરૂપે ભલીભાંતી અનુસરીને લખાઈ છે.

**૨. આપની દલિત વાર્તાઓમાં મુખ્યત્વે કઈ-કઈ દલિત સમસ્યાઓ કે દલિતસંવેદનનું નિરૂપણ થાય છે.**

મારી દલિતવાર્તાઓમાં દલિત સમાજના શોષણની કે જે મુખ્યત્વે અસ્પૃશ્યતાજનક છે જેને લઈને ઊભી થતી સમસ્યાઓ પર દલિત સંવેદનનું નિરૂપણ કરવું મને ગમે છે. વિવિધ સ્તરે દેખીતું કે અદૃશ્ય-સૂક્ષ્મ જાતિભેદપણું, ઘટતી ઘટનાઓ સાંપ્રતને ધ્યાન લઈને વિવિધતાસભર દલિત વાર્તાઓ લખી છે.

**૩. ગુજરાતી દલિત ટૂંકી વાર્તામાં આપને કઈ બાબત સૌથી વધુ અસરકારક રીતે પ્રયોજાવી જોઈએ તેમ લાગે છે ?**

ગુજરાતી દલિત ટૂંકી વાર્તામાં મને ઉપર જણાવ્યું તેમ અસ્પૃશ્યતા બાબતે ઊભી થતી અડચણો, હાડમારીઓ, વિટંબણાઓ અને એ જ કારણસર ગરીબી રેખા નીચે આવી ઊભેલા દલિત સમાજને સૌથી વધુ અસરકારક રીતે કથાબીજને નવીનતા આપીને પ્રયોજવી જોઈએ તેમ લાગે છે. સાંપ્રત દલિત અત્યાચારો પર નવેસરથી દલિત વાર્તા લખાવી જોઈએ.

**૪. દલિત સાહિત્યને વેગવંતું બનાવવા હાલ કયાં પરિબળો જરૂરી છે ?**

દલિત સાહિત્ય વેગવંતું બન્યું છે. જેમાં કવિતા તો ખરી જ પણ વાર્તા થકી દલિત સમસ્યાને અંકે કરાય એ પરિબળ જરૂરી છે. નવાં-નવાં શિબિરો, વર્કશોપ, સંમેલન વગેરે થકી પૂર્વસૂરીઓએ નવોદિતોને દલિત સાહિત્યમાં વેગવંતા કરવા જોઈએ. આનંદ છે કે દલિતવાર્તાકારોની બીજી અને હવે ત્રીજી પેઢી પણ દલિતવાર્તામાં કાર્યરત છે.

**૫. આપના મતે દલિત સાહિત્યમાં સૌથી વધુ ગતિ કયા સાહિત્ય સ્વરૂપમાં થઈ છે ? શા માટે ?**

દલિત સાહિત્યમાં સૌથી વધુ ગતિ દલિતવાર્તા સાહિત્યસ્વરૂપમાં થઈ છે. એ હવે મુખ્યધારાની જેમ નોંધપાત્ર થતી જાય છે. નવાં સંપાદનોમાં સ્થાન પામી છે. અભ્યાસક્રમમાં અને ઇનામો પ્રાપ્ત થવામાં પણ હરોળમાં છે. કેમ કે દલિત સાહિત્યકારે જે કંઈ સાહિત્યના સ્વરૂપમાં રહીને કહેવું છે તેમાં કવિતા ખરી પણ એ દલિત સાહિત્યમાં ટૂંકા પનાનું છે. તો નવલકથા પ્રથમ તબક્કે કોઈપણ લખવા

તૈયાર ના પણ થઈ શકે. એટલે જે કંઈ કહેવું છે, લખવું છે. સંવેદવું છે એના માટે વાર્તાનું સ્વરૂપ જ વધુ અનુકૂળ રહે છે.

**૬. આપની ગમતી દલિત વાર્તાનું શીર્ષક જણાવશો. શા માટે ગમે છે તે જણાવશો.**

મારી દલિતવાર્તા 'નરક' અને 'ઝાંખરું' સંગ્રહોથી પ્રકાશિત થઈ છે. લગભગ મોટાભાગની દલિતવાર્તાઓ નોંધપાત્ર છે. છતાં તમે કહો છો તો 'નરક', 'ભવાઈ', 'થોર લગોલગ', 'આતંકવાદ', 'પૂર્વજ', 'કદડો', 'પ્રવેશદ્વાર', 'ભોગ', 'પધરામણી', 'વરઘોડો', 'ઘોડેસવાર', 'છોડ' વગેરે વાર્તાઓ ગમતી છે જેમાં મુખ્યધારાની સમકક્ષ ઊભી રહી શકે તેમ કલાકીય ધોરણે દલિત સંવેદન નીખરી ઊઠ્યું છે.

**૭. આપ ગુજરાતી દલિત ટૂંકી વાર્તાને હાલના સંજોગોમાં કઈ દૃષ્ટિએ જુઓ છો ?**

ગુજરાતી દલિત ટૂંકીવાર્તા હાલના સંજોગોમાં મુખ્યધારાની લગોલગ-સાંપ્રત સમસ્યાઓને અવનવી તરેહથી આગળ વધતી જોઈ શકાય છે. જેમાં નવીન ઔદ્યોગિકીકરણ, ખાનગીકરણ, શિક્ષણમાં અનામતના જોરે નહીં બલ્કે મેરીટના બળે જ પ્રવેશવાની સમસ્યા, ટોળાશાહીનો ભોગ, ગૌ હત્યાને નામે થતી પૂર્વઆયોજિત દલિતહિંસા વગેરે ઘટનાઓથી દલિતવાર્તા વધુ બળકટ થતી જાય છે.

**૮. આપની દૃષ્ટિએ ભારતીય દલિત ટૂંકીવાર્તાઓમાં ગુજરાતી દલિત વાર્તાનું શું સ્થાન છે ?**

ભારતીય દલિતવાર્તાઓમાં ડૉ. મોહન પરમારની 'આંધુ' દલિતવાર્તા સ્થાન પામી છે. તો ગુજરાતી દલિત વાર્તાઓ કેન્દ્રિય સાહિત્ય અકાદમી થકી ગ્રંથસ્થ થઈ છે. હિન્દી, અંગ્રેજી, મરાઠી, બંગાળી, ઉર્દુ સાહિત્યમાં અનુવાદ થઈને સ્થાન પામી

છે. મારી વાત કરું તો એક સંગ્રહ થાય એટલી દલિતવાર્તાઓ અન્ય રાજ્યોની અકાદમીના મુખપત્રમાં સ્થાન પામી છે. હમણાં જ એક વાર્તાનો બંગાળી અનુવાદ થયો છે.

## ૯. ગુજરાતી દલિત ટૂંકી વાર્તાના ભવિષ્ય વિશે આપનું શું મંતવ્ય છે ?

ગુજરાતી ટૂંકીવાર્તા હાલ જે પ્રમાણે લખાય છે જેઓ સારી વાર્તાઓ આપે છે એ પરથી કહી શકાય કે આજે દલિતવાર્તા પોંખાય છે. અભ્યાસક્રમમાં તથા વિવિધ સંપાદનો-મુખ્યધારાની વાર્તામાં સ્થાન પામી છે. અભ્યાસુઓનો વિષય બની છે. દલિતવાર્તાકારે એક જ સમસ્યાને લઈને અગાઉની જેમ એક જ ઘરેડમાંથી બહાર આવીને સાંપ્રત સમસ્યાઓ જેમાં શિક્ષણ, રાજકારણ, ચૂંટણી, અનામત, ટોળાશાહી, નારીશોષણ, બેરોજગારી, ખેતમજૂર, હિજરતને કારણે વતન છોડવાની વેદના વગેરેને નવા રૂપરંગે તાગવી પડશે તો એનું ભવિષ્ય વધુ ઊજળું દેખાશે. આજે શહેરમાં રહેતી નવી જનરેશનમાં છોકરા-છોકરીઓને વતનની જાણકારી નથી. અસ્પૃશ્યતાની ખાસ કંઈ મુશ્કેલી નથી પણ તમે જુઓ કે પ્રેમ પ્રકરણમાં કે હળવા-મળવામાં જાતિની ઓળખ થાય છે ત્યારે ઘણા બધા પ્રશ્નો ઊભા થાય છે. પ્રેમમાં આઘાત પામેલા છોકરાઓ શિક્ષણમાં અસ્થિર થઈ જાય છે તો સામે છેડે ઇતર કોમની છોકરીને દલિત છોકરો ગમતો હોઈ એ પણ આઘાત પામે છે. આ બધી અને એથી પણ વધુ બાબતો દલિત વાર્તા માટે મોજૂદ છે.

---

સરનામુ : ધરમાભાઈ શ્રીમાળી, ૫૮, રાધેશ્યામ રેસીડેન્સી, અંબાજી રોડ, મુ. વીરપુર, પો. રતનપુર, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા, ૩૮૫૦૦૧, મો. ૯૮૨૪૭ ૭૭૨૮૬

## (૩) દશરથ પરમાર

**૧ ગુજરાતી દલિત સાહિત્યકાર તરીકેની આપની સર્જનપ્રક્રિયા વિશે જણાવશો. ખાસ કરીને ગુજરાતી ટૂંકી વાર્તાના સંદર્ભે.**

કોઈ પણ સર્જકની સર્જનપ્રક્રિયા વિશે કશુંય જાણતાં પહેલાં; મને લાગે છે કે, એના જીવનની કેટલીક અંતરંગ બાબતો વિશ જાણવું અનિવાર્ય; બલ્કે, અપરિહાર્ય છે. એમાંય, દલિત સર્જકનું તો જીવન જ એક મસમોટી; માંસલ ઘટના સમાન હોય છે. ડગલે ને પગલે વેઠવાં પડતાં અપમાન અને તિરસ્કાર અને ઘૃણા અને લાચારી..! એ બધાં વાનાં કોઈ પણ સંવેદનશીલ માણસને અંદર-બહારથી વિચલિત કરી મૂકે. જોકે; હાલની સ્થિતિમાં એવી કોઈ એક વિશેષ ઘટના યાદ નથી આવતી; કે જેના પર આંગળી મૂકીને કહી શકાય કે આને લીધે મારે દલિત સાહિત્યમાં પ્રવેશવાનું થયું. વાસ્તવમાં એ એક દીર્ઘકાલીન, આન્તરિક અને અન્તહીન પ્રક્રિયા છે. હા; કેટલાંક ઉત્તેજક પરિબળો જરૂર છે; જેણે એ દિશા તરફ જવા માટેનો ધક્કો માર્યો હોય. તો એવી કેટલીક સ્થૂળ અને મોટી-મોટી વિગતો અહીં ઉપલબ્ધ છે.

બાળપણની ઘણી વિગતો મને યાદ નથી. પણ મોટે ભાગે મને ભૂતકાળમાં જીવવું ગમે છે. વાર્તા લખતી વખતે મારું એ તરફનું આવાગમન સતત ચાલતું હોય છે, એટલે હું મને સમયની એ ધાર પર ઉભેલો પણ જોઈ શકું છું. હાથવણાટનાં પહોળાં, નિશ્ચિત માપ વગરનાં ચડ્ડી-બુશર્ટ, ઘરના વધેલા કાપડમાંથી અમારી માએ મોટા-મોટા ટાંકા લઈને સીવેલું દફતર, ઘરથી સાવ નજીકની પ્રાથમિક શાળા અને મોટે ભાગે ગામના જ શિક્ષકો.. પ્રાથમિક શાળા દરમ્યાન ભણવામાં હું ખાસ્સો ઠોઠ ગણાયો હતો. મારી સાથે ભણતાં ગામ-શિક્ષકોનાં બાળકો લગભગ એકથીદસ નંબર પર જ રહેતાં. કશાક અળગાપણાનો ભાવ ત્યારથી જ મારી અંદર જન્મ લેવા

લાગ્યો હતો. અને એ ભાવે જ મને ખૂબ નાની ઉંમરે પુસ્તકો તરફ વાળ્યો. અમારા ગામમાં સાર્વજનિક પુસ્તકાલય હતું - જેના સંચાલક અમારી શાળાના જ એક શિક્ષક શ્રી.માધવલાલ પટેલ હતા. તેઓ દરરોજ સવાર-સાંજ પુસ્તકાલય ખોલીને પુસ્તકોની આપ-લે કરતા. પણ અહીં અમારો પનો ટૂંકો પડતો હતો. આઠમા ધોરણથી નીચેના ધોરણનાં બાળકોને તેઓ પુસ્તકો આપતા નહીં. અમારા મોટાભાઈ તે વખતે હાઈસ્કૂલમાં. તેઓ નવલકથાઓ-વાર્તાસંગ્રહો વાંચવા લઈ આવતા. જોકે, એમના તરફથી પણ પ્રતિબંધ તો હતો જ. એટલે તેઓ થોડીવાર માટે ક્યાંય બહાર ગયા હોય તો એમનું પુસ્તક ઊતાવળે-ઊતાવળે ફેંદીને મન વાળવું પડતું. એમ કરતાં-કરતાં શ્રી.વિઠ્ઠલ પંડ્યા-ગુણવંતરાય આચાર્ય-પન્નાલાલ પટેલ-હરકિશન મહેતા-ઈશ્વર પેટલીકર-પિતામ્બર પટેલ-ગુલશન નંદા-રસિક મહેતા વગેરે લેખકોનાં નામ જાણતો થયો. એમની સુંદર સૃષ્ટિનો નશો ચડવા લાગ્યો.

અમારું શાળાજીવન કેવળ ભણવામાં જ ગયું એવું નહોતું. રવિવારના દિવસે અને બન્ને વૅકેશનોમાં; કડિયાકામ કે ખેતમજૂરી પણ કરી છે. એ બધાનો મારા અન્ય સાથી-મિત્રોને કશો ફાયદો મળ્યો કે નહીં તે નથી જાણતો, પણ ખુલ્લાં ખેતરો-સીમ-વગડો-ભાતભાતના પાકો-જાતજાતનાં વૃક્ષો-ફળો-ફૂલો-વેલા-વનસ્પતિ-પશુ-પક્ષીઓ-વિવિધ ઋતુઓ-એ ઋતુઓના રંગઢંગ-લણવા-વાઢવાની વેળાઓ-અવનવા અવસરો - વગેરે વાનાંએ મારા સંવેદનશીલ ચિત્તતંત્રને બરાબરનું ઘડ્યું છે. થાય છે કે, પ્રકૃતિએ આપણને કેટકેટલી સંપદા આપી રાખી છે..! આ સમયગાળામાં વિવિધ અનુભવો પણ થયા છે - જે આગળ જતાં મને વાર્તામાં ખપ લાગ્યા. આ જ સમયખંડ દરમ્યાન ગામની ત્રણેય લાયબ્રેરીઓમાંથી નવલકથાઓ-વાર્તાઓ-કવિતાઓ વગેરે લાવી-લાવીને વાંચવાનું થયું. કામ પરથી છૂટીને બપોરી રિસેસમાં ઘેર આવીને એક આખી નવલકથા પૂરી કર્યાનું પણ મને સાંભરે છે.

દલિત સાહિત્યમાં મારા પ્રવેશ માટે મને સૌથી મજબૂત પરિબળ લાગ્યાં છે - ૧૯૮૧ અને ૧૯૮૫-નાં અનામતવિરોધી આંદોલનો. એ રમખાણોએ કેવળ નગરો કે મહાનગરોને જ ભીંસમાં લીધાં નહોતાં. ત્રણેક હજારની વસ્તી ધરાવતા અમારા નાનકડા ગામમાં પણ નાનાં-મોટાં છમકલાં થયેલાં. વર્તમાનપત્રો વળી એમાં ઉદ્દીપકની ભૂમિકા ભજવતાં. જોકે, વહીવટી તંત્રની અને ગામના કેટલાક મોભીઓની દરમ્યાનગીરીથી ઝાઝું નુકસાન થયેલું નહિ, પણ થોડાક દિવસો સુધી અમે સૌ એક અકથિત ભયના ઓથાર તળે જીવતાં રહેલાં. શાળામાં વૅકેશન. ગામમાંય બહાર નીકળવાનું બંધ. મુગ્ધાવસ્થાના એ સમયગાળામાં આખો દિવસ ઘરમાં રહીને વિચાર્યા કરીએ; કે શું થઈ રહ્યું છે આ બધું? અને શેના માટે..? ત્યાં સુધીમાં ગુલશન નંદા કે વિઠ્ઠલ પંડ્યાની નવલકથાઓ વાંચેલી. એમાં તો સુંદર સૃષ્ટિ જ ચીતરેલી જોવા મળતી હતી; પ્રેમની અને નર્યા સૌન્દર્યની. થાય કે; વાસ્તવિક જીવનની કુરૂપતા, વિષમતા, જદ્દોજહદ તો એમાં ક્યાંય છે જ નહીં..! થોડાક સમય પછી શ્રી. જોસેફ મૅકવાનની "આંગળિયાત", શ્રી. રામચન્દ્ર પટેલની "વરાળ" અને 'ચાંદની'માં છપાતી દલપત ચૌહાણ અને અન્ય સર્જકોની કેટલીક દલિત-વાર્તાઓએ મને પક્કડમાં લીધો.

એ પછી કૉલેજમાં જવાનું થયું; ગામથી આઠ કિલોમીટર દૂર વડનગરમાં. કૉલેજની લાયબ્રેરીમાંથી સુરેશ જોષીનો વાર્તાસંગ્રહ હાથ લાગ્યો. અનુભવો તો હતા જ. એને લેખે લગાડી; દ્વિતીય વર્ષ બી. કૉમ.ની વાર્ષિક પરીક્ષાના દિવસોમાં; એકરાત્રે આવેલા સ્વપ્નમાં થોડીક કલ્પનાઓ ઉમેરી, ચૂંટણીના ચોપાનિયા પાછળ લખી તે પ્રથમ વાર્તા - 'ગીધાનુભૂતિ.' આમ, દલિત-સાહિત્યમાં મારો પ્રવેશ આ વાર્તાથી અને આ રીતે થયો એમ ગણી શકાય.

અન્ય સર્જકોની જેમ; પ્રારંભિક દોરમાં; એક વાર્તા લખ્યા પછી, મેં પણ કેટલાંક અ-છાંદસ લખ્યાં. દસ-બાર લઘુકથાઓ લખી. એ બધુંય જે-તે સમયે

"કુમાર", "નવચેતન", "ગુજરાત", "નયામાર્ગ" - જેવાં સામયિકોમાં પ્રગટ પણ થયું. પરંતુ એના પ્રાગટ્ય પછી સતત એમ લાગ્યા કરતું કે મારી અંદર જે ચીખ છે; શોષણ-દમન વિરુદ્ધની, અવ્યકત અને પીડાથી લદોલદ; એ તો ક્યાંય વ્યક્ત થતી નથી. લાગતું હતું કે, ભીતરની કડવી સ્મૃતિઓ અને વરવી વાસ્તવિકતાની અભિવ્યક્તિ માટેનું સ્વાતંત્ર્ય કદાચ, એ લઘુ-સ્વરૂપમાં મને પ્રાપ્ત નહીં થઈ શકે. કાલાંતરે એમ પણ સમજાયું કે, વિષમ વર્તમાન અને વિ-ગત સમય કોઈ પણ લેખક માટે એવાં બે અનન્ય સ્થળો છે; જેમાં એનું સતત આવાગમન થતું રહેવું જરૂરી છે. અને એ દુર્લભ અને અનિવાર્ય યાત્રાની તક કેવળ ટૂંકી વાર્તા જ પૂરી પાડી શકે તેમ છે. મર્યાદાઓ તો ટૂંકી વાર્તાના લેખનમાંય છે; પરંતુ એની એક હકારાત્મક બાજુ એ પણ છે કે, એમાંથી કેટલાંક એવાં સત્યો અને ઉકેલો જડી આવે છે, જે જીવાતા જીવનમાંથી જડવાં મુશ્કેલ; બલ્કે અશક્ય જ હોય છે. વાર્તાલેખન સાથે મને જોડી રાખનારું મુખ્ય તત્ત્વ તે આ અને આ જ.

વિસનગરમાં દસ વર્ષ સુધી અમે જ્યાં રહ્યાં તે સ્થળ- દીપરા દરવાજા, વણકરવાસ-મારા નામ સાથે જોડાઈને એક અભિન્ન ઓળખ બની ગયું હતું. ઘણા લેખકો મને એ સરનામેથી જ ઓળખે છે. અને એ સમયે આવતાં ઘણાં મૅગેઝિનો આજે પણ એ જ સરનામે આવતાં રહે છે. માંડ દસ ફૂટ પહોળી અને વીસ-બાવીસ ફૂટ લાંબી, ખૂણામાં આવેલી એક અંધારી,ભેજવાળી ઓરડી.. સાંકડી નવેળી.. પાંચ-સાત ફૂટનો રસ્તો.. થોડેક આગળ મોટો ચોક..અને થોડું ચાલીએ એટલે મેઈન બજાર-માયા બજાર..!

આ જ ગાળામાં; અહીંની લાલ દરવાજે સ્થિત સવાસો વર્ષ જૂની લાયબ્રેરીમાં જવા-આવવાનું ચાલુ થયું. અને વળી સામે આવ્યા- સુરેશ જોશી, રઘુવીર ચૌધરી, સુમન શાહ, વીનેશ અંતાણી, મોહન પરમાર, મધુરાય, હિમાંશી શેલત, મણિલાલ પટેલ, ભગવતીકુમાર શર્મા, ડો.કેશુભાઈ દેસાઈ, ઘનશ્યામ દેસાઈ વગેરે-વગેરે.

મારી સામે એક નવું વિશ્વ ઊઘડી રહ્યું હતું. એક કાળે જે રચનાઓ સમજાતી નહોતી તે હવે સમજાઈને ગમવા લાગી હતી. સ્થળ અને સમયનો આ પણ પ્રભાવ હતો. મને વાર્તા તરફ વાળવામાં ૧૯૯૧માં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તરફથી યોજાયેલા વાર્તા-શિબિરનો પણ મહત્વનો ફાળો છે. ભરૂચ પાસે, ઝાડેશ્વર ખાતે યોજાયેલા એક અઠવાડિયાના એ શિબિરના સંચાલક હતા-શ્રી.રજનીકુમાર પંડ્યા. અન્ય તજ્જ્ઞો હતા શ્રી. રમણ પાઠક અને ઉજમશી પરમાર. આ શિબિરમાં મને થોડાક વાર્તાકારમિત્રો મળ્યા તે-માવજી મહેશ્વરી, રાઘવજી માધડ, રમેશ દેવમણિ અને પંકજ ત્રિવેદી. એ સૌ મિત્રોએ પણ હું જે પ્રકારની વાર્તાઓ લખતો હતો તેમાં ભરપૂર રસ લીધો હતો.

દરમ્યાન મને એલ.આઇ.સી. - ભારતીય જીવન વીમા નિગમ - ની નોકરી મળી. વર્ષ હતું : ૧૯૯૨નું. પ્રપોઝલ-પોલિસી-રિવાઈવલ્સ-ક્લેઈમ્સ-ટ્રાયલ બેલેન્સ-રિકન્સિલીએશન-એજન્ટસ-ટારગેટ-બિઝનેસ- જેવા શબ્દો મને ચોતરફથી ભીસતા હતા, ગૂંગળાવતા હતા. આ ત્રાસમાંથી છૂટવાનો એક માત્ર માર્ગ હતો. ટૂંકી વાર્તા. હું વાર્તા સાથે અભિન્નપણે જોડાયેલો રહ્યો. અને ગુજરાતી વાર્તાવિશ્વમાં સ્થિર થવાની મથામણ કરતો રહ્યો. સંતોષ લઈ શકાય તેવી વાર્તા ગંધ ૧૯૯૪માં લખાઈ અને ‘શબ્દસૃષ્ટિ’માં શ્રી. પ્રવીણભાઈ દરજીએ પ્રગટ કરી. એ વાર્તાએ ઘણા મિત્રોનો પ્રેમ સંપાદિત કરાવી આપ્યો. એ પછી વાર્તાની ગાડી પાટા પર ચડી. અને ૧૯૯૫ થી ૧૯૯૯ સુધીમાં કુલ પચીસેક વાર્તાઓ લખાઈ; જે ગુજરાતી ભાષાનાં મોટાભાગનાં સાહિત્યિક સામયિકોમાં પ્રગટ થઈ. અને કેટલીક વાર્તાઓ વિવિધ સંપાદનોમાં સ્થાન પણ પામી. આ ગાળાની મારી નોંધપાત્ર વાર્તાઓમાં જોડાજોડ, ત્રીજું ઘર, રમત, અંધારું, પાટ, છૂટકારો, સાંધણી, ઉકેલ, ચૂવા, જાકારો અને પારખું વગેરે વગેરેનો સમાવેશ થાય છે. આ પૈકી ગીધાનુભૂતિના હિન્દી અને અંગ્રેજી અનુવાદો થયા. જ્યારે થેપડોનો પણ અંગ્રેજી

અનુવાદ થયો. ત્રીજું ઘર વાર્તાને ઈન્ડિયા ટુડે વાર્તા સ્પર્ધાનું ત્રીજું ઇનામ તો મળ્યું જ, પણ એકાધિક સંપાદકોએ એને પોતાનાં સંપાદનોમાં સમાવી. એ જ રીતે પારખું ને ગુજરાત સમાચારનું તો સાંધણીને સંદેશની વાર્તાસ્પર્ધાનાં ઇનામો મળ્યાં હતાં. ડો.દર્શના ધોળકિયાએ નારીની વ્યથા: પુરુષની લેખિની સંપાદનમાં અંધારું વાર્તા સમાવીને મારી વાર્તાકલા પરત્વે સમભાવ દાખવ્યો છે. શ્રીવીનેશ અંતાણીએ સમકાલીનની એમની કોલમમાં જોડાજોડ નિમિત્તે એક પ્રાસંગિક લેખ કર્યો હતો-એ વાત ગર્વ અપાવે તેવી છે. મારામાં રહેલી શક્યતાઓને તાગીને એમણે મારા પ્રથમ સંગ્રહના પ્રકાશનમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

આમ કરતાં-કરતાં ૨૦૦૧માં મારો પ્રથમ સંગ્રહ પારખું પ્રગટ થયો; જેને ઘણા ગુજરાતી વિવેચકો/ભાવકોનો સ્નેહ સાંપડ્યો. એના વિશે ઘણા મિત્રો/મુરબ્બીઓને લખવું ગમ્યું હતું. એ સંગ્રહને કલાગૂર્જરી મુંબઈનું પ્રથમ પારિતોષિક પણ મળ્યું હતું, જે વાર્તાકાર તરીકેના મારા સાર્વત્રિક સ્વીકારની સાહેદી પૂરે છે. એના બરાબર અગિયાર વર્ષના અંતરાલ પછી બીજો સંગ્રહ **બે ઈ-મેઈલ અને સરગવો** પ્રગટ થયો. સર્જકતાના શરૂઆતના તબક્કામાં આટલો મોટો અંતરાલ કોઈ પણ વાર્તાકાર માટે ભારે વસમો હોય છે. મારે માટે પણ તેમ જ હોય. મિત્રો અને મુરબ્બીઓ તરફથી સતત ઘોંચ-પરોણા ચાલુ રહેતા હતા-તમારા જેવો વાર્તાકાર આમ સાવ વસૂકી જાય તે ન ચાલે. જો કે, મને પણ એ પાલવે તેમ નહોતું જ. પણ શબ્દ સાથે પનારો પાડનાર સૌ જાણે છે કે બધી વાતો આપણા હાથમાં નથી હોતી. જે વાર્તાએ મને આટઆટલાં લાડ લડાવેલાં એ જ વાર્તાએ મને વચ્ચેનાં વર્ષોમાં ઘણો તાવ્યો છે; સતાવ્યો છે. હંફાવ્યો પણ છે. પણ હું ક્યારેય નાસીપાસ થયો નથી. એક સમયે વાર્તા નહીં જ લખી શકાય એવી મનોદશામાં પણ મૂકાઈ ગયો હતો. પરંતુ વાર્તાનું વળગણ છૂટતું નહોતું. ન લખાય તો વાંધો નહીં, વાર્તા-વાંચન છોડવું નહી - એવી નેમ સાથે વાર્તાઓનું સેવન કરતો રહ્યો. અને અંતે એ જ

વાર્તાએ મને વળી પાછો પોતાના પડખે લઈ લીધો-એ વાત અત્યારે, અહીં નોંધતાં મને ખૂબ જ આનંદ થાય છે. અને એ સૌ મિત્રો/મુરબ્બીઓ પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું, જેઓ નિષ્ક્રિયતાના એ તબક્કામાં પણ સતત મારી સાથે હતા અને વાર્તા પ્રત્યેની મારી આસ્થા અને પ્રીતિને સહેજેય ડગવા દીધી નહોતી. આ સંગ્રહની કેટલીક વાર્તાઓ પણ, મારી અગાઉની વાર્તાઓની જેમ જ ગ્રંથસ્થ થવા પૂર્વે સૌનો સ્નેહ અને આદર પામી હતી. ચિલોત્રાની જેમ વાર્તાને અભિયાન અને કથા દ્વારા આયોજિત સર્ચ ફૉર લેન્સ સ્પર્ધામાં બીજું સ્થાન પ્રાપ્ત થયું હતું. કથા દ્વારા એનો અંગ્રેજી અનુવાદ પણ થયો હતો. અભિયાન દ્વારા આયોજિત વર્ષાન્ત વાર્તા વૈભવ સ્પર્ધામાં ભેટો વાર્તાને પ્રથમ ઇનામ મળ્યું હતું, તો ના,નહીં તોડવા દઊં ને પ્રગતિ મિત્ર મંડળ, મુંબઈ, થળી બહાર પગને સાધના સુવર્ણજયંતી અને વિચ્છેદને બી.કેશરશિવમ્ શ્રેષ્ઠ વાર્તા જેવી વાર્તાસ્પર્ધાઓનાં પારિતોષિકો પ્રાપ્ત થયાં હતાં. સંગ્રહની કેટલીક વાર્તાઓને ગુજરાતી સાહિત્યનાં વિવિધ વાર્તા-સંપાદનોમાં પણ સ્થાન મળ્યું છે. સુરેશ જોષી સાહિત્ય વિચાર ફૉરમના વિશિષ્ટ સંપાદન ઉજાણીમાં 'નવેળી વાર્તા', ગુજરાતી સાહિત્ય પરિષદના નવલિકાચયન-૨૦૦૩માં 'ધીમે-ધીમે હોલવાતી સાંજ', સાહિત્ય અકાદેમીના મહત્ત્વપૂર્ણ સંપાદન 'ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ'માં 'શિકાર' અને દલિત સાહિત્ય અકાદમીના 'વાર્તાલોક' સંપાદનમાં અસ્વીકાર વાર્તાનો સમાવેશ કરવા બદલ એ સંપાદનોના સંપાદકો સર્વ શ્રી.સુમન શાહ, ડૉ.દીપક રાવલ, શ્રી.દલપત ચૌહાણ અને શ્રી.હરીશ મંગલમ્‌નો હું ઋણી છું. કાયાન્તરણ વાર્તાનો હિન્દી અનુવાદ કરી, ભારતીય દલિત સાહિત્ય કથા-કોશ (ગુજરાતી)માં સમાવવા બદલ એનાં અનુવાદક સુ. શ્રી.ઝોરા વાઘેલા અને સંપાદક સુ.શ્રી. રમણિકા ગુપ્તાનો પણ આભાર.

**૨ આપની દલિત વાર્તાઓમાં મુખ્યત્વે કઈ-કઈ દલિત સમસ્યાઓ કે દલિત સંવેદનનું નિરૂપણ થાય છે ?**

મારા પ્રથમ વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં મેં લખેલું કે; હું બાહ્યાચારોથી મૂંઝાતો માણસ છું, એટલે એ મૂંઝવણ જ મને હંમેશાં લેખન તરફ દોરી જતી હોય છે. મારા સર્જનના મૂળમાં મારું ગામ પડેલું છે; જ્યાં મારા જીવનનાં પ્રારંભિક ૨૪-૨૫ વર્ષો વીત્યાં હતાં. મને યાદ છે; અમારું એ નીચું-નળિયાંવાળું ઘર, પચાસ-સાઇઠ ઘરોનો વાસ, વાસના લોકો, અભાવો વચ્ચે જીવાતું જીવન, ખુલ્લો વગડો, બળબળતી બપોરી વેળાઓ, કાળી મજૂરી - આ સૌ થકી મારું સંવેદનવિશ્વ ઘડાયેલું છે. આ ક્ષણે હું મને અલબત્ત, સમયનાં બે બિંદુઓ પર ઉભેલો પણ જોઈ રહ્યો છું. ખરા બપોરે ખેતરમાંની કાળીમેંશ મજૂરી અને એર કન્ડીશન્ડ રૂમમાં કમ્પ્યૂટરના કી-બોર્ડ પર ઝડપભેર ફરતી આંગળીઓ-આ બે અંતિમો વચ્ચે શ્વસતા વાર્તાકારને શોધીને એક સમતલ ભૂમિ પર મૂકવાનો મારે હંમેશાં પ્રયાસ કરવો પડે છે. દલિત જીવનની તમામ સમસ્યાઓએ મને અનહદ વ્યથિત કર્યો છે; પજવ્યો છે. બધી સમસ્યાઓમાંથી પસાર થવાનું નસીબ કે કમનસીબ-જે ગણો તે પ્રાપ્ત થયું છે; એટલે અસ્પૃશ્યતાનાં સ્થૂળ અને સૂક્ષ્મ એમ બન્ને સ્વરૂપોનું આલેખન કરવું મને ગમ્યું છે. બીજી રીતે જોઈએ તો, દલિત-વાર્તા મારી પ્રાથમિક અને મૂળભૂત નિસબત છે, એની લગીરેય ના નહીં પરંતુ કોઈ ચોક્કસ વિચારધારાથી પ્રેરાઈને લખવું મને ક્યારેય ફાવ્યું નથી. તદનુસાર; કોઈ અમુક-તમુક સમસ્યાને લઈને જ વાત કરવી - એમ પણ હું માનતો નથી. કહો કે, એવી પ્રતિબદ્ધતા મારાથી કેળવી શકાઈ નથી. કોઈ સમસ્યા મને સ્પર્શી જાય; પછી તે દલિત હોય કે અન્ય, તેનું મારી ગતિ-મતિ પ્રમાણે આલેખન કરવું એને હું મારો સર્જકધર્મ ગણું છું. પછી એ સમસ્યા સ્ત્રી-પુરુષ સંબંધની હોય કે અસ્પૃશ્યતા વિશેની.

દલિત વાર્તાના સંદર્ભે વિચારું ત્યારે કહેવું જોઇએ કે, દલિત વાર્તા વિશે મારી કેટલીક સ્પષ્ટ સમજણો છે. સમાજમાં ચાલતા આંતરકલહો વગેરે વિશેના આલેખનોમાં મને એટલો જ રસ છે, જેટલો બે અલગ-અલગ સમાજો વચ્ચે પ્રવર્તતી વિષમતાના આલેખનમાં. મારી કાયાન્તરણ; આપણી જાત કે અનપેક્ષિત જેવી જેવી વાર્તાઓને એ સંદર્ભમાં જોવી જોઈએ. તો, સમાજના બે ભિન્ન વર્ગોમાં પ્રવર્તતી વિષમતાને મારી રચનાઓમાં અભિવ્યક્ત કરવાની પણ મારી પૂરી નૅમ રહી છે. મારી અન્ય દલિત-વાર્તાઓને આ વર્ગની યાદીમાં મૂકી શકાય તેમ છે. અહીં એક બીજી વાત એ પણ નોંધી લઉં કે, વાર્તામાં; સમસ્યાના સીધા આલેખનને બદલે હું મારી વાત પ્રતીકોના માધ્યમથી મૂકવાનું વધારે પસંદ કરું છું. એમ કરવાથી મારી રચનાને એક પ્રકારની બળકટતા પ્રાપ્ત થાય છે, એવો મારો અંગત અભિપ્રાય છે. જેમ કે, 'કાયાન્તરણ' માં પતંગિયાંનું પ્રતીક સમગ્ર રચનાને એક અલગ પરિમાણ પ્રદાન કરે છે. એવી જ રીતે, 'ફરક તો પડે છે' માં કાળા કોશીનું, શિકારમાં વિવિધ પક્ષી-પ્રાણીઓનાં અને ગીધાનુભૂતિમાં ગીધનું પ્રતીક વગેરે-વગેરે..

**૩. ગુજરાતી દલિત ટૂંકી વાર્તામાં આપને કઈ બાબત સૌથી વધુ અસરકારક રીતે પ્રયોજાવી જોઈએ તેમ લાગે છે ?**

અહીં નોંધવું જોઈએ કે, દલિત-સાહિત્ય સમગ્રનો; તદન્તર્ગત, દલિત-વાર્તાનો મુખ્ય આશય એ રહ્યો છે કે, પીડિત-શોષિતજનનાં સાંસારિક દુઃખો, પીડાઓ, વ્યથાઓ, એમના જીવનની વરવી વાસ્તવિકતાઓને એક વિષય લેખે પ્રયોજી, એને વિશે જનસામાન્યનું ધ્યાન ખેંચવું. પોતાનો વાચકવર્ગ શોધી, એને એ ઉપક્રમમાં સંડોવવો; પેલી પીડામાં સહભાગી બનાવવો. એનો આશય કેવળ આનન્દનો નથી, પણ કશીક અપીલ-Request-નો છે. આ રીતે વિચારીએ તો

દલિત-વાર્તા સુરેશ જોષી અને એ પછીની પરંપરાના સાહિત્યથી સાવ સામા છેડાની વાત માંડે છે. અહીં વ્યક્તિને સ્થાને આખો સમાજ કેન્દ્રમાં પ્રવેશે છે. આમ, દલિત સાહિત્યમાં વ્યક્તિ કરતાં સમૂહનો; સમૂહની પીડાનો મહિમા થયો છે. એની અસર ભલે અલગ હોય, પરંતુ એને માટે વાર્તા જેવી સંજ્ઞા પ્રયોજતા હોઈએ ત્યારે; જે દલિત-વાર્તા, ટૂંકી વાર્તાની આવશ્યક લાક્ષણિકતાઓ ધરાવતી, સંતોષતી હોય એને જ દલિત-વાર્તા કહેવી જોઇએ. મારી વાતને એક ઉદાહરણથી જરા વધારે સ્પષ્ટ કરું. હું ઘરના પ્રવેશદ્વારને બારણું કહું એટલે સ્પષ્ટપણે અપેક્ષિત છે કે, દીવાલમાં એક લંબચોરસ જગ્યા છે; જેમાં લાકડાની એક ફ્રેમ હોય, ચૉકઠું. અને એ ફ્રેમમાં એક કે બે પડખાંવાળો એક સરસ દરવાજો જડેલો હોય. એમાં મિજાગરા પણ હોય અને સ્ટૉપર પણ. હૅન્ડલ પણ હોય અને હડો પણ. એ બધું કમઠાણ એક જગાએ એકત્રિત થઈને એક ચિત્ર રચી આપે ત્યારે એને બારણું જેવી સંજ્ઞા આપી શકાય. આ વાતની અપેક્ષા એક દલિત વાર્તાકાર પાસેથી મને હંમેશાં રહેતી હોય છે. એણે એક વિષયવસ્તુ લેખે દલિતજીવનની સમસ્યા, પરિવેશ, પાત્રો, ભાષા વગેરે ઘટકતત્વોને પોતાની રીતે-ભાતે ચોક્કસપણે પ્રયોજવાં જોઇએ. પરંતુ, એ રીતભાત સર્વમાન્ય સાહિત્યની હોવી જોઈએ. જેટલી સાહિત્યને ખપે છે તેટલી હોવી જોઈએ. તો અને તો જ એની પ્રત્યાયનની શરત પૂર્ણ થશે. અને પેલી અપીલ સૌ વાચકો સુધી ઉચિત રીતે પહોંચી શકે.

### ૪. દલિત સાહિત્યને વેગવંતું બનાવવા હાલ કયાં પરિબળોની જરૂર છે ?

સાહિત્યનો સીધો અર્થ છે - સહિતતા. એ સૌને ભેગા કરનારો, જોડનારો પદાર્થ છે. આપણે સૌ દલિત સાહિત્યના સુવર્ણકાળથી સુપરિચિત છીએ, તેમ વર્તમાનથી પણ વાકેફ છીએ. તેથી જોઈ શકાય છે કે દલિત સાહિત્ય અત્યારે ઘણું મંદ પડી ગયું છે. કહો કે, દમના દર્દીની જેમ ખાટલે પડેલું છે. હાંફતું, કષ્ટાતું. આ

સાહિત્યને વેગવંતું બનાવવા માટે જરૂરી છે સંવાદિતાની, પારસ્પરિક આદાન-પ્રદાનની, પરિસંવાદોની, વ્યાખ્યામાળાઓની, શિબિરોની અને અહં છોડી સૌએ એક મંચ પર ભેગા થઈ સહચિંતન કરવાની. અન્યથા દમના દર્દી માટે સ્ટીરોઈડયુક્ત ઇન્હેલર હોય છે. જે ચડેલા શ્વાસને તત્કાલ હેઠો બેસાડવામાં મદદ કરે છે, પણ એ કંઈ એનો કાયમી ઈલાજ નથી હોતો. અત્યારે સમજીએ તો સારું છે. બાકી તો, ભવભૂતિએ સમયને **નિરવધિ** કહી ઉલ્લેખ્યું છે કે, ''કોઈક તો મારા જેવું પેદા થશે, જે મારી રચનાને સમજશે.'' ભવિષ્યમાં એવું અવશ્ય થશે. કેમ કે, કાલ નિરવધિ છે અને પૃથ્વી વિપુલા - कालो हि अयं निरवधिः विपुला च पृथ्वी ।

## ૫. આપના મતે ગુજરાતી દલિત સાહિત્યમાં સૌથી વધુ ગતિ કયા સાહિત્યસ્વરૂપમાં થઈ છે ? શા માટે ?

દલિત સાહિત્ય સંદર્ભે એક આનંદજનક વિધાન કરવાનું ગમે કે, ગુજરાતી દલિત સાહિત્યની મોટાભાગની વિધાઓમાં સંતોષકારક ખેડાણ થયું છે. કવિતા, નવલકથા, વાર્તા વગેરેમાં ભરપૂર, તો નાટક વગેરેમાં પ્રમાણમાં થોડું ઓછું, રેખાચિત્રોમાં તો જોસેફભાઈએ સમગ્ર ગુજરાતી સાહિત્યમાં એક માઈલસ્ટોન સ્થાપ્યો છે. વિવેચન ક્ષેત્રે પણ કેટલીક કલમો સતત પ્રવૃત્ત છે. પરંતુ નોંધવું જોઈએ કે, પ્રમાણમાં વધારે એ સત્ત્વશીલ ખેડાણ મુખ્યત્વે બે સ્વરૂપોમાં થયું છે - નવલકથા અને વાર્તા. એમાંય, ટૂંકી વાર્તાએ તો ફક્ત માતૃભાષા કે રાષ્ટ્રભાષા જ નહીં, વિશ્વ કક્ષાએ નોંધ લેવી પડે તેવું કાઠું કાઢ્યું છે. એનાં અનેક ઉદાહરણો ટાંકી શકાય તેમ છે. દાખલા તરીકે શ્રીમોહન પરમારની ''આંધુ'' રચના. સ્થળ-સંકોચનના લીધે સૌના નામ તો નહીં લઈ શકાય, પરંતુ એ પરંપરામાં શ્રીહરીશ મંગલમ, શ્રીદલપત ચૌહાણ, શ્રીધરમાભાઈ શ્રીમાળી, શ્રીપ્રવીણ ગઢવી અને અન્ય દલિત-વાર્તાકારોની એકાધિક રચનાઓ આપણે ગૌરવભેર મૂકી શકીએ તેમ છીએ. આ વાતના

સમર્થનમાં એક બીજો તર્ક પણ ઉમેરું કે દલિત વાર્તા આટલી સમૃદ્ધ અને વિત્તસભર ન હોત તો વિવિધ યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં સર્જકોની કૃતિઓ મૂકાઈ હોત ખરી?

**૬. આપની ગમતી દલિત વાર્તાનું શીર્ષક જણાવશો. શા માટે ગમે છે તે જણાવશો.**

છેલ્લાં વીસ કે પચ્ચીસ વર્ષોમાં કરેલી દસ-પંદર રચનાઓમાંથી કોઈ એક રચના પસંદ કરી, એને ગમતી વાર્તાની સંજ્ઞા આપવાનું કામ હું માનું છું કે, કોઈ પણ લેખક માટે ઘણું મુશ્કેલીભર્યું અને પડકારરૂપ બની રહેતું હશે. મારા સંદર્ભે પણ એમ બન્યું છે. બીજું કે, અત્યારે ગમેલી કોઈ રચના હંમેશા મને ગમતી જ રહેશે તેવું પણ નથી. એમ કહેવા પાછળનો મારો આશય એટલો જ કે, ગમા-અણગમાનો માપદંડ કાયમ એકસરખો રહેતો નથી. સમયાંતરે બદલાતો રહેતો હોય છે. આજે જે રચના પ્રિય કે પ્રતિનિધિ કે મનગમતી જેવું વિશેષણ પામી શકી છે તે કાલે કદાચ ન પણ પામે. કારણ એટલું જ કે, જીવન સતત પરિવર્તનશીલ છે. સ્થાયી કે કાયમી કશું જ નથી.

એક રીતે જોઈએ તો, ખૂબ નાની ઉંમરમાં મને દલિત વાર્તાકાર તરીકે સ્થાપી સૌથી વધારે જશ રળી આપનાર પ્રથમ દલિત વાર્તા ''ગીધાનુભૂતિ'' મારી પ્રિય રચના હોવી જોઈએ. પરંતુ એમ નથી. કહેવું હોય તો કહી શકાય કે, મને અત્યારે ખૂબ ગમતી વાર્તા છે, તે છે - ''નંદુ'' એ વાર્તા મને બે-ત્રણ કારણોસર ગમે છે. સૌ પ્રથમ તો, એના પરિવેશને લીધે. એક વાર્તાકાર તરીકે પર્વતપ્રદેશનું મને અનહદ આકર્ષણ રહ્યું છે. આ રચનામાં જે સ્થળવિશેષનું સૂચન છે તે છે અરવલ્લીની ગિરિમાળાઓમાં વસેલો પ્રદેશ માઉન્ટ આબુ. છેલ્લાં કેટલાંક વર્ષોથી મિત્રો સાથે વર્ષમાં એકવાર, ઉનાળાના અંતિમ, ઉકળાટભર્યા દિવસોમાં ત્યાં જવાનો ક્રમ, પરત ફર્યા પછી ઘણીવાર મનમાં થતું કે એ પરિવેશને ખપમાં લઈ એક

વાર્તા કરવી. એમાં એવી પરિસ્થિતિનું આલેખન કરવું કે, સ્થળ બદલાય છે પરંતુ પીડાનું સ્વરૂપ બદલાતું નથી. થોડીક મથામણને અંતે એવી રચના થઈ પણ ખરી. અસ્પૃશ્યતાના મૂળ માનવમનમાં એટલે ઊંડે સુધી ખૂંપી ગયાં છે કે, સવર્ણો તો ઠીક અન્ય આર્થિક અને સામાજિક રીતે પછાત જાતિઓનાં નાનાં, મુગ્ધ બાળકો પણ એમાંથી બાકાત નથી- એવું પ્રતિપાદિત કરતી આ રચના ઘણી બધી રીતે વિશિષ્ટ છે. તીવ્ર સંવેદન, ઝીણી-ઝીણી વિગતોથી વ્યક્ત થયેલાં નાયકનાં મનોસંચલનો, ઘટનાને પોષક વાતાવરણ, ભાવ-ભાવનાના હકાર-નકારભર્યા આટાપાટા અને આઈડેન્ટિટી ક્રાઇસિસની આ વાર્તા મુ. શ્રી. સુમન શાહ(સં.વાર્તા રે વાર્તા!)ને આ વર્ગની બીજી રચનાઓથી અનેક રીતે નોખી પડતી જણાઈ હતી. મને પ્રિય લાગવાનાં કેટલાંક કારણોમાંનું એક કારણ એ પણ છે.

## ૭. આપ ગુજરાતી દલિત ટૂંકી વાર્તાને હાલના સંજોગોમાં કઈ દૃષ્ટિએ જુઓ છો ?

આજની સર્જાતી દલિત વાર્તાથી મને સંતોષ છે. એવું મેં અગાઉ નોંધ્યું છે. પરંતુ એનો અર્થ એમ પણ નથી કે એ એના સર્વોચ્ચ શિખરે બિરાજે છે અથવા એ જે સ્થાને છે ત્યાંથી આગળ જઈ શકે તેમ નથી. મારી અપેક્ષા છે કે, વાર્તાસર્જનનું પ્રમાણ વધવું જોઈએ. સાથોસાથ એની ગુણવત્તા પણ જળવાવી જોઈએ. દલિત વાર્તાને ગુજરાતી સાહિત્યમાં જે મોભાનું સ્થાન પ્રાપ્ત થયું છે તે મર્યાદિત અને પારંપરિક પ્રશ્નોના આલેખનથી થયેલી પરંપરાગત રચનાઓ થકી થયું છે. વર્તમાન પ્રશ્નો સાથે એણે હજી તાલ મિલાવવાનો છે. કેટલીક સાંપ્રત સમસ્યાઓ હજી દલિત વાર્તામાં આવવી બાકી છે. કેટલાક પ્રશ્નોના આલેખનો થયાં નથી. રચનારીતિના પ્રયોગો પણ થવા જોઈએ. કેટલાક વાર્તાકારો એમાં સુંદર કામ કરી પણ રહ્યા છે. પણ, હું મારી વાત કરું તો એવી કેટલીય અગણિત સમસ્યાઓ છે જેને હું શબ્દસ્થ કરી શક્યો નથી. હું લખવા ધારું છું- શરીરનો મેદ ઉતારવા મોર્નિંગ વૉકમાં

નીકળેલી કોઈ મિજાજી માનુની એ વહેલી પરોઢે ના-છૂટકે સાવરણો લઈ, પોતાની ફરજ બજાવતી મજબૂર સફાઈ કામદાર સ્ત્રીની વાર્તા. મારે આલેખવો છે એક એવો મોચી જે વિશાળ મૉલની સામે બેસી તૂટેલાં ચંપલ સાંધી રહ્યો છે પરંતુ એની નજર છે રેડ ચીફ કે બાટાનાં નવાનક્કોર જૂતાં લઈને મૉલમાંથી બહાર નીકળતા કોઈ યુવકની શોપિંગ બૅગ પર. કોઈ મલ્ટિનેશનલ કંપનીને પોતાનું ખેતર વેચી માલિકમાંથી મજૂર બની એ જ કંપનીમાં કામ કરતા ગ્રામજનની વેદનાની વાત મારી વાર્તામાં આવવી હજુ બાકી છે. આશ્વાસનની બાબત છે કે કેટલાક વાર્તાકારો સાંપ્રત સમસ્યાઓને પોતપોતાની રીતે આલેખી રહ્યા છે, પરંતુ એવા વાર્તાકારોની સંખ્યા હજી જૂજ છે. બાકી દલિત વાર્તાએ અપેક્ષા અનુસાર ગુજરાતી વાર્તાજગતમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે, એ ઓછા આનંદની વાત નથી.

**૮. આપની દૃષ્ટિએ ભારતીય દલિત વાર્તાઓમાં ગુજરાતી દલિત વાર્તાનું શું સ્થાન છે ?**

આ પ્રશ્નના ઉત્તર સંદર્ભે પ્રશ્ન પનો ઉત્તર પણ જોઈ લેવો જોઈએ. એમાં થોડુંક ઉમેરણ કરવું હોય તો એ કે દરેક પ્રાંતની સામાજિક એ ભૌગોલિક પરિસ્થિતિ અલગ-અલગ હોય છે. જે તે પ્રદેશના સર્જકો પોતાની પ્રાદેશિકતા પ્રમાણે પોતાની સમસ્યાઓને ઝીલીને અભિવ્યક્ત કરતા હોય છે. દાખલા તરીકે- મહારાષ્ટ્ર. ત્યાંના શોષણનાં સ્વરૂપો અલગ છે. અસ્પૃશ્યતાના પ્રકારો પણ ભિન્ન છે. એટલે મરાઠી સાહિત્યની સરખામણી ગુજરાતી દલિત સાહિત્ય સાથે કરવી ઉચિત નહિ ગણાય. આપણી સમાજવ્યવસ્થા નોખી છે. રાજકીય પ્રશ્નો નોખા છે. આપણી પ્રજાની માનસિકતા પણ અલગ છે. એટલે એવી તુલનામાં ન ઊતરીએ તો પણ ગુજરાતી દલિત સાહિત્યએ પોતીકી ઓળખ પ્રગટાવી છે. એની કોઈ ના નહીં પાડી શકે. વાર્તા જેવા સ્વરૂપમાં મને લાગે છે કે, આપણે ખૂબ કામ કર્યું છે, પરંતુ એનો અર્થ

એવો પણ નથી કે બાકીનાં સ્વરૂપોમાં કામ નથી થયું. પરંતુ પ્રાદેશિક અને સાહિત્યિક તુલનાત્મકતાની વાત કરતા હોઈએ ત્યારે આપણે પનો થોડો ટૂંકો પડે છે એ વાસ્તવિકતા પણ આપણે સ્વીકારવી રહી. હા, વાર્તામાં આપણે આશ્વાસન લઈ શકીએ તેમ છીએ. મેં અન્ય ભાષાની દલિત રચનાઓ પણ વાંચી છે. વિશેષત: હિંદી અને મરાઠી ભાષાની બાબુરાવ બાગુલ, અણ્ણાભાઉ સાઠે, કેશવ મેશ્રામ, અર્જુન ડાંગળે, દયા પવાર, ઓમપ્રકાશ વાલ્મીકિ, અજન નાવરિયા, એસ. આર. હરનોટ, મોહનદાસ નૈમિશરાય, સુશીલા ટાકભૌરે, જયપ્રકાશ કર્દમ, કૈલાશ વાનખેડે સહિત અગણિત સર્જકોની રચનાઓ પાસે સમયાંતરે જવાનું બન્યું છે. પરંતુ અગાઉ નોંધ્યું તેમ, એ લોકોની પરિસ્થિતિઓ ભિન્ન છે. પ્રશ્નો પણ. અને બીજી વાત એ કે ભગિની ભાષાની ટૂંકી વાર્તામાં એના પ્રારંભકાળથી જ યથાર્થના આલેખનનો અનિવાર્ય મહિમા રહ્યો છે. નર્યા યથાર્થથી રચનાનો કલાપક્ષ જોખમાય છે, એ વાત ધ્યાનમાં રાખીને એમાં પણ કેટલાક સર્જકો સુંદર કામ કરી રહ્યા છે. પણ યથાર્થ અને કલા - બંને વાનાંનું અદ્ભુત સંમિશ્રણ અને સંતુલન ગુજરાતી દલિત વાર્તા જેવું બીજી કોઈ ભાષાની વાર્તાઓમાં મને જોવા મળ્યું નથી. કહું કે, જોસેફભાઈ કથિત કલાને પ્રમાણવાની એ જીવતરને ધોખો નહીં દેવાની લાક્ષણિકતા કેવળ ગુજરાતી દલિત વાર્તામાં જોવા મળે છે.

### ૯. ગુજરાતી દલિત વાર્તાના ભવિષ્ય વિશે આપનું શું મંતવ્ય છે ?

અહીં, સમગ્ર દલિત સાહિત્યની સ્થિતિ ગતિ વિશે થોડી દુ:ખદ વાત કર્યા વગર રહી શકાય તેમ નથી. જે પ્રબળ વેગથી દલિત સાહિત્યનો ઉદ્ભવ થયો, વિકાસ થયો એ હાલમાં તો બધું થંભી ગયેલું દેખાય છે. એક કાળે સુરેશ જોશીએ વિધાન કરેલું કે, ''નવલકથાનો નાભિશ્વાસ ચાલી રહ્યો છે'' એમણે અલગ સંદર્ભે આ વાત મૂકી હતી પરંતુ એ વાત અહીં પણ લાગુ પાડી શકાય તેમ છે. છેલ્લાં થોડાંક વર્ષોના અનુભવે મને સમજાયું છે કે, દલિત સાહિત્યનું પણ કંઈક આવું જ

છે. ખાટલામાં પડેલા દમના દર્દીની જેમ એ અત્યારે હાંફી રહ્યું છે. આ વિધાન હું બહુ જ જવાબદારીપૂર્વક અને સ-ખેદ કરી રહ્યો છું. અંદરોઅંદરની વાડાબંધી, હૂંસાતૂંસી અને ખેંચતાણે દલિત સાહિત્યની વેગવંતી ધારાને ખાસ્સી ક્ષીણ કરી મૂકી છે. આ બધાં કારસ્તાનોએ દલિત સાહિત્યનાં ફેફસાં કાણાંકચ્ચ કરી નાખ્યાં છે. નવલકથા કે વિવેચનની દિશામાં નોંધપાત્ર કામ થતું રહે છે, એની ના નહીં. એમ.ફીલ કે પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ મળી રહે છે એનીય ના નહીં પરંતુ મારી ચિંતાનો વિષય એ છે કે, છેલ્લાં દસ-પંદર વર્ષોમાં આપણને કેટલા નવા વાર્તાકારો પ્રાપ્ત થયા? આ સંદર્ભે હું ઘણા મુરબ્બીઓ અને મિત્ર-સર્જકો આગળ સતત રજૂઆત પણ કરતો રહ્યો છું. કહું કે, ધરમાભાઈ, દશરથ અને સંજયને નવી કે બીજી-ત્રીજી પેઢીના વાર્તાકારો ક્યાં સુધી ગણ્યા કરીશું? એમના પછી એક્કેય નવો વાર્તાકાર કેમ પ્રગટતો નથી? છેવટે મુ. મોહનભાઈ રાજી થયા. અને ''ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન્'' દ્વારા આ દિશામાં એક કદમ ઊઠાવવામાં આવ્યું છે. એક ''વાર્તા-પાંખ''ની રચના થઈ. અને એના ઉપક્રમે ટૂંકા સમયગાળામાં ત્રણ વાર્તા-શિબિરો સંપન્ન થયા. આનંદની વાત એ છે કે એ ત્રણ શિબિરોની ઉપલબ્ધિરૂપે આપણને શ્રીરામ સોલંકી જેવા એક નવોદિત વાર્તાકાર પણ પ્રાપ્ત થયા. શુભ અપેક્ષા છે કે હજુ અનેક નવા વાર્તાકારો આ ઉપક્રમમાં જોડાશે અને એમાંથી આપણને કો'ક બળુકા વાર્તાકાર મળી આવશે. મળી આવશે એટલું જ નહીં, મળશે ને ઘડાશે. ઘડાઈને નીવડી આવશે અને આપણે ગૌરવભેર કરી શકીશું કે જુઓ આ રહ્યા આવતીકાલની આમારી દલિતવાર્તાના તારણહાર.....! હું એ અપેક્ષાને એક અદના વાર્તાકાર તરીકેનો મારો અધિકાર સમજું છું અને જવાબદારી પણ...!

---

દશરથ પરમાર, ૬, પુષ્પકુંજ સોસાયટી, ગુરુકુળ હાઈસ્કૂલ સામે, કાંસા રોડ, કાંસા એન. એ. વિસ્તાર, વિસનગર - ૩૮૪ ૩૧૫ (ઉત્તર ગુજરાત) સંપર્ક - ૯૪૨૭૪ ૫૯૩૦૫
E-mail: dashrath.parmar02@gmail.com

## (૪) સંજય ચૌહાણ

---

**૧. ગુજરાતી દલિત સાહિત્યકાર તરીકેની આપની સર્જનપ્રક્રિયા વિશે જણાવશો? ખાસ કરીને ગુજરાતી ટૂંકી વાર્તાના સંદર્ભે.....**

ગુજરાતી દલિત સાહિત્યકાર તરીકે મારી સર્જનપ્રક્રિયા અન્ય સર્જકોની જેમ જ હોય છે. કોઈ પણ સર્જક અનુભવનું એક પોતીકું વિશ્વ ધરાવે છે. બચપણથી વાંચન અને આજુબાજુ બનેલી સૂક્ષ્મ ઘટનાઓ મારા મનમાં કેટલાય દિવસો ઘૂમરાતી રહે છે. જ્યારે લખવા બેસું ત્યારે એમાં એટલા બધા ઓતપ્રોત થઈ જવાય કે મેં વિચાર્યું પણ ન હોય એમ વાર્તા આગળ વધતી રહે. મોટે ભાગે આજ સુધી મેં રાતના સમયે લખ્યું છે. ખાસ કરીને ટૂંકી વાર્તા જે રીતે વાચક સુધી પહોંચે છે તે જોતા વાર્તા લખવાનું મન થાય એ ઉચિત દેખાયું છે.

**૨. આપની દલિત વાર્તાઓમાં મુખ્યત્વે કઈ-કઈ દલિત સમસ્યાઓ કે દલિતસંવેદનનું નિરૂપણ થાય છે.**

મારી દલિત વાર્તાઓમાં મુખ્યત્વે મારી આજુ-બાજુ બનતી ઘટનાઓ, અસ્પૃશ્યતાના પ્રશ્નો જેવા કે કોઈ દલિતને અડવાથી અભડાઈ જવું, ગામ તળાવમાં કૂતરાં કે પ્રાણીઓ અગી-મૂતરી જાય તો ચાલે પણ કોઈ દલિત અડકી જાય તો બધું પાણી અભડાય, ગરજ હોય તો દલિત પાસે કામ કઢાવી લેવાનું પણ કામ પતે પછી કૂતરા બરોબર, દલિત સ્ત્રીને ભોગવી લેવી, નિર્દોષ દલિતને ફસાવવો જેવી સમસ્યાઓ મારી વાર્તાના વિષયો બન્યા છે.

**૩. ગુજરાતી દલિત ટૂંકી વાર્તામાં આપને કઈ બાબત સૌથી વધુ અસરકારક રીતે પ્રયોજાવી જોઈએ તેમ લાગે છે ?**

દલિત સમસ્યાઓ ખાસ કરીને સફાઈ કામદાર સ્ત્રી પુરુષો જે કામ કરે છે અને ગામડામાં રહેતા દલિત લોકો આજ કાલ બૂટ પહેરતા પણ ડરે છે. આમ ડરનું સામ્રાજ્ય અદૃશ્ય રીતે છવાયેલું છે. નાની અમથી ભૂલમાં દલિતોને જે રીતે કાયદો હાથમાં લઈ પીટવામાં આવે છે તે બાબતો પ્રયોજાવી જોઈએ.

**૪. દલિત સાહિત્યને વેગવંતું બનાવવા હાલ કયાં પરિબળો જરૂરી છે ?**

દલિત સાહિત્ય કેટકેટલા વાડાઓમાં વહેચાઈ ગયું છે. આ વાડાબંધી ક્યારે ટૂટે. કહેવાતા દલિત સાહિત્યકારો એકબીજાથી કારણ વગરની ઈર્ષ્યા રીસામણાં લઈ બેઠા છે. આ બધા એક થાય, નવોદિતોને પ્રોત્સાહનો આપે, સેમિનારો કરે. નવી પેઢી તૈયાર કરે. અદલિત સાહિત્યકારો સાથે ભળે ને સંયુક્ત કાર્યક્રમો થાય તે જરૂરી છે.

**૫. આપના મતે દલિત સાહિત્યમાં સૌથી વધુ ગતિ કયા સાહિત્ય સ્વરૂપમાં થઈ છે ? શા માટે ?**

સૌથી વધુ ટૂંકી વાર્તામાં દલિત સાહિત્યની ગતિ થઈ છે. કારણ કે સાહિત્યના પાછલા ત્રણ દાયકામાં ટૂંકી વાર્તાએ જમાવટ કરી છે. ત્યારે ગુજરાતી દલિત ટૂંકી વાર્તામાં જોસેફ મેકવાન, મોહન પરમાર, દલપત ચૌહાણ, દશરથ પરમાર, ધરમાભાઈ શ્રીમાળી, હરીશ મંગલમ્, પ્રવીણ ગઢવી અને બીજા અનેક વાર્તાકારોએ દલિત વિષયને લગતી ચોટદાર વાર્તાઓ આપી છે.

**૬. આપની ગમતી દલિત વાર્તાનું શીર્ષક જણાવશો. શા માટે ગમે છે તે જણાવશો.**

મને ગમતી ટૂંકી વાર્તા નક્કી કરવું મુશ્કેલ છે. છતાં મને મારી ''લાશ'' વાર્તા હમણાં વધારે ગમે છે. કારણ કે એમાં દલિત સમાજની દેખી ન શકાય એવી સમસ્યાઓ હળવા ટોનમાં મૂકી આપવામાં મને સફળતા મળી હોય એવું લાગે છે.

**૭. આપ ગુજરાતી દલિત ટૂંકી વાર્તાને હાલના સંજોગોમાં કઈ દૃષ્ટિએ જુઓ છો ?**

જગતનાં પરિવર્તનો માણસ લાવે છે. પણ માણસમાં પરિવર્તન સાહિત્ય કે પુસ્તક લાવે છે. આજ ગુજરાતી દલિત ટૂંકી વાર્તા વંચાય છે. એટલે હાલના સમયનું બળકટ સ્વરૂપ છે.

**૮. આપની દૃષ્ટિએ ભારતીય દલિત ટૂંકીવાર્તાઓમાં ગુજરાતી દલિત વાર્તાનું શું સ્થાન છે ?**

ભારતીય દલિત ટૂંકીવાર્તાઓમાં ગુજરાતી દલિત વાર્તાનું પ્રથમ સ્થાન છે. કારણ કે હાલ અન્ય ભાષાની વાર્તાઓ કરતાં ગુજરાતી વાર્તા મજબૂત છે. એમાં દલિત ટૂંકી વાર્તા કદી પાછળ રહી નથી.

**૯. ગુજરાતી દલિત ટૂંકી વાર્તાના ભવિષ્ય વિશે આપનું શું મંતવ્ય છે ?**

ગુજરાતી દલિત ટૂંકી વાર્તાનું હાલ એવું કોઈ જબરજસ્ત ભવિષ્ય દેખાતું નથી. કારણ કે નવી પેઢીના જે નવા સર્જકો વાર્તામાં રસ દાખવી રહ્યા છે તેમના પ્રત્યે કોઈને કશી પડી નથી. જૂના વાર્તાકારો પોતપોતાનામાંથી નીકળતા નથી અને એકદમ નવી પેઢી વાર્તા કે બીજાં સ્વરૂપોમાં સક્રિય થતી નથી. આજકાલ કવિતા તરફ લોકોનો પ્રવાહ ધસી રહ્યો છે. એક સમયે એવો માહોલ હતો કે દલપત ચૌહાણ, મોહન પરમાર, દશરથ પરમાર, ધરમાભાઈ શ્રીમાળી અને મારા જેવા

વાર્તાકારો વાર્તા લખતા એની નોંધ લેવાતી. આજે એવી બળકટ વાર્તાઓ નથી મળતી. આજનો માહોલ જોતા મને દલિત ટૂંકી વાર્તાનું ભવિષ્ય થોડું ધૂંધળું દેખાય છે.

---

સરનામું : સંજય ચૌહાણ, ૩૦, આંબેડકર નગર સોસાયટી, કમાલપુર રોડ,
વડનગર - ૩૮૪૩૫૫, મો. ૯૮૨૪૯૫૨૪૦૫,
E- mail – chauhansanjay487@gmail.com

---------------------------------------------

# ૨ સંદર્ભ સૂચિ

## (૧) પુસ્તક


**૧.** આર્ષદૃષ્ટા, ડૉ. બાબાસાહેબ આંબેડકર, લે. ડૉ. પી. જી. જ્યોતિકર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, દ્વિતીય આવૃત્તિ ૧૯૯૮

**૨.** એના શહેરની એકલતા, લેખકઃ સંજય ચૌહાણ, હર્ષ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૯

**૩.** કુંભી, લેખકઃ મોહન પરમાર, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૨૦૦૫

**૪.** ગુજરાતી આંબેડકરી ચળવળનો ઇતિહાસઃ ૧૯૨૦-૧૯૭૦, લે. ડૉ. પી. જી. જ્યોતિકર, પ્રકા. ડૉ. બાબાસાહેબ આંબેડક જન્મ શતાબ્દિ ઉજવણી સમિતિ, પ્રથમ આવૃત્તિ ૧૯૯૧

**૫.** ગુજરાતી દલિત કવિતા, લેખકઃ મોહનભાઈ ચાવડા, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ ૨૦૧૫

**૬.** ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ, સંપા. દલપત ચૌહાણ, સાહિત્ય અકાદમી, નવી દિલ્લી, પ્રથમ આવૃત્તિ ૨૦૦૯

**૭.** ગુજરાતી દલિત વાર્તા, સંપા. મોહન પરમાર, હરીશ મંગલમ્, આર. આર. શેઠની કંપની, મુંબઈ, પ્રથમ આવૃત્તિ ૧૯૮૭

**૮.** ગુજરાતી દલિત સાહિત્યના લેખાં-જોગાં, સંપા. નાથાલાલ ગોહિલ, ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૩

**૯.** ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ, લે. દલપત ચૌહાણ, ગુજરાત દલિત સાહિત્ય આકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૮

**૧૦.** ગુજરાતી દલિત સાહિત્યની રૂપરેખા, સંપા. ડૉ. નાથાલાલ ગોહિલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮

**૧૧.** ગુજરાતી દલિત સાહિત્ય: પ્રાદુર્ભાવ અને પ્રાગટ્ય, લે. દિલીપકુમાર ચાવડા, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ

**૧૨.** ગુજરાતી દલિત સાહિત્ય, લેખક: ડૉ. ભીખુ વેગડા, પ્રકા. પ્રત્યાયન સાહિત્ય વર્તુળ, ધોળકા, પ્રથમ આવૃત્તિ ૨૦૧૨

**૧૩.** ગુજરાતી નવલિકાચયન : ૨૦૦૯ સંપા. પારુલ કંદર્પ દેસાઈ: ૨૦૦૯

**૧૪.** ગુજરાતી નવલિકાચયન : ૨૦૧૧, સંપા. જયેશ ભોગાયતા

**૧૫.** જોતીપૂંજ મહાત્મા ફૂલે (હિન્દી), લેખક: જિયાલાલ આર્ય, પ્રકા. સંસ્થાન, નઈ દિલ્લી, પૂર્વપીઠિકા

**૧૬.** થુંબડી, લે. સંજય ચૌહાણ, લટૂર પ્રકાશન, ભાવનગર, પ્રથમ આવૃત્તિ ૨૦૧૩

**૧૭.** દલિત કથાવિમર્શ, લે. ડૉ. કાન્તિ માલસતર, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦

**૧૮.** દલિત દિગ્દર્શન (ગુજરાતી સંદર્ભ) (હિન્દીમાં) લે. ડૉ. કાન્તિ માલસતર, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ સંસ્કરણ ૨૦૧૫

**૧૯.** દલિતેતર સર્જકોનું દલિત સાહિત્ય, લે. ડી. એમ. ભદ્રેસરિયા, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૨

**૨૦.** દલિત વાર્તાવૃત્તાંત, લે. ગંગારામ મકવાણા, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૨

**૨૧.** દલિત વાર્તાસૃષ્ટિ, સંપા. મોહન પરમાર, પાર્શ્વ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ ૨૦૦૫

**૨૨.** દલિત સંપ્રત્યય, લે. ડૉ. નરેશ વાઘેલા, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦

**૨૩.** દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર, મૂળ લેખક: શરણકુમાર લિંબાલે, અનુ. હરીશ મંગલમ્, ડૉ. કાન્તિ માલસતર ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦

**૨૪.** દલિત સાહિત્ય સિદ્ધાંત આણિ સ્વરૂપ (મરાઠી) યશવંત મનોહર

**૨૫.** નરક, લે. ધરમાભાઈ શ્રીમાળી, ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ, બીજી આવૃતિ ૨૦૧૨

**૨૬.** નિબંધસંગ્રહ, (વિવેચન) નરસિંહ ઉજંબા

**૨૭.** પચ્ચીસ ચોકા દોઢ સો (ભારતીય દલિત વાર્તા), સંપા. અને અનુ. ડૉ. કાન્તિ માલસતર, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૧

**૨૮.** પછાત વર્ગના આયોગનો રિપોર્ટ, ભાગ ૧

**૨૯.** પાઈ અસદ્મહજ્જવો (પ્રાકૃત કોશ) સંપા. વ્યાકરણતીર્થ પં. હરગોવિંદદાસ શેઠ

**૩૦.** પારખું, લે. દશરથ પરમાર, આર. આર. શેઠની કંપની, મુંબઈ ૪૦૦ ૦૦૨; અમદાવાદ ૩૮૦ ૦૦૧, પ્રથમ આવૃત્તિ ૨૦૦૧

**૩૧.** પીઠી, લે. ધરમાભાઈ શ્રીમાળી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૬

**૩૨.** પ્રતિનિધિ દલિત વાર્તા, સંપા. હરીશ મંગલમ્, કુમકુમ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ ૧૯૯૭

**૩૩.** બવંડર (હિન્દી), અનુ. ઉર્મિલા વિશ્વકર્મા, સંપા. રમણિકા ગુપ્તા, રમણિકા ફાઉન્ડેશન, હજારીબાગ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૧

**૩૪.** બહુજન સાહિત્ય, સંપા. યશવંત વાઘેલા, ૧૯૮૮

**૩૫.** બૃહદ્ પારિભાષિક શબ્દસંગ્રહ (હિન્દી) માનવિકી ખંડ - ૧, પૃ. ૩૭૫

**૩૬.** બે ઈમેઈલ અને સરગવો, લે. દશરથ પરમાર, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૩

**૩૭.** મહાભિનિષ્ક્રમણ (ગુજરાતી આંબેડકરવાદી વાર્તા), સંપા. સંજય પ્રસાદ, હરીશ મંગલમ્, અરવિંદ વેગડા, પ્રવીણ ગઢવી, પ્રકા. મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૬

**૩૮.** માનક હિન્દી અંગ્રેજી કોશ (હિન્દી), રામમૂર્તિસિંહ

**૩૯.** ભગવદ્ગોમંડળ, પ્રવીણ પ્રકાશન, રાજકોટ

**૪૦.** રવેશ, લે. ધરમાભાઈ શ્રીમાળી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ ૧, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦

**૪૧.** વણબોટી વારતાઓ, સંપા. દલપત ચૌહાણ, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦

**૪૨.** વાર્તાલોક, સંપા. હરીશ મંગલમ્, ડૉ. પથિક પરમાર, મધુકાન્ત કલ્પિત, અરવિંદ વેગડા, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૮

**૪૩.** વિ, દલિત ગુજરાતી વાર્તા ૧૯૯૫, સંપા. અજિત ઠાકોર, રાજેન્દ્ર જાડેજા, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર, પ્રથમ આવૃત્તિ ૨૦૦૫

**૪૪.** વિદિત, લે. હરીશ મંગલમ્, કુમકુમ પ્રકાશન, બીજી આવૃત્તિ ૧૯૯૫

**૪૫.** વિલોપન, લે. ભી. ન. વણકર, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧

**૪૬.** વિસ્ફોટ, ગુજરાતી દલિત કવિતા સંચય, સંપા. ડૉ. ગણપત પરમાર, મનીષી જાની, પ્રસ્તાવના ૧૯૮૪

**૪૭.** વિસ્મય, સંપા. મોહન પરમાર, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ ૨૦૧૬

**૪૮.** સન્નિધિ સાહિત્યની, લે. શિરીષ પંચાલ

**૪૯.** સમીક્ષિત, લે. દિનેશ દેસાઈ, રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ ૨૦૦૬

**૫૦.** સંસ્કૃત શબ્દાર્થકૌસ્તુભ, સંપા. ચતુર્વેદી દ્વારકાપ્રસાદ શર્મા

**૫૧.** સંબંધ, લે. રાઘવજી માધડ, પ્રસ્તાવના

**૫૨.** સાર્થ ગૂજરાતી જોડણી કોશ, ગૂજરાત વિદ્યાપીઠ, ચોથી આવૃત્તિ ૧૯૪૯

**૫૩.** સાંકળ, લે. ધરમાભાઈ શ્રીમાળી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ૧ પ્રથમ આવૃત્તિ ૧૯૯૭

**૫૪.** સાંપ્રત દલિત સાહિત્યપ્રવાહ, લે. પથિક પરમાર

**૫૫.** સાંબરડાથી સ્વમાનનગર, લે. હર્ષદ દેસાઈ,

**૫૬.** હિન્દી ઉપન્યાસોં મેં દલિતવર્ગ, ડૉ. કુસુમ મેઘવાળ

**૫૭.** હિન્દુ વર્ણવ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો, લે. મકરન્દ મહેતા, અમી પબ્લિકેશન, અમદાવાદ ૧૯૯૫

## (૨) સામયિક

**૧.** અધીત સાડત્રીસ, ૨૦૧૫

**૨.** ચાંદની, દલિત સાહિત્ય વિશેષાંક મુલાકાત, નીરવ પટેલ, ૧૯૮૭

**૩.** દલિતચેતના, જૂન ૨૦૦૭

**૪.** દલિતચેતના, જાન્યુઆરી ૨૦૦૮

**૫.** દલિતચેતના, સપ્ટેમ્બર ૨૦૦૮

**૬.** દલિતચેતના, જુલાઈ ૨૦૦૯

૭. દલિતચેતના, માર્ચ ૨૦૧૦

૮. દલિતચેતના, જુલાઈ ૨૦૧૦

૯. દલિતચેતના, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૦

૧૦. દલિતચેતના, ફેબ્રુઆરી ૨૦૧૧

૧૧. દલિતચેતના, મે ૨૦૦૧

૧૨. દલિતચેતના, ઓગસ્ટ ૨૦૧૧

૧૩. દલિતચેતના, ફેબ્રુઆરી ૨૦૧૨

૧૪. દલિતચેતના, જૂન ૨૦૧૨

૧૫. દલિતચેતના, જૂન ૨૦૧૩

૧૬. દલિતચેતના, ઓક્ટોબર ૨૦૧૩

૧૭. દલિતચેતના, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૩

૧૮. દલિતચેતના, જૂન ૨૦૧૪

૧૯. દલિતચેતના, જુલાઈ ૨૦૧૪

૨૦. દલિતચેતના, સપ્ટેમ્બર-ફેબ્રુઆરી ૨૦૧૪

૨૧. દલિતચેતના, જાન્યુઆરી ૨૦૧૫

૨૨. દલિતચેતના, માર્ચ ૨૦૧૫

૨૩. દલિતચેતના, જૂન ૨૦૧૭

૨૪. દલિતચેતના, ફેબ્રુઆરી ૨૦૧૮

૨૫. નયા માર્ગ, ડૉ. આંબેડકર જન્મશતાબ્દિ વિશેષાંક, એપ્રિલ ૧૯૯૧

૨૬. નયા માર્ગ, જૂન ૯૩

૨૭. નયા માર્ગ, ૧૯૯૬

૨૮. નિસબત, ૨૦૧૦

૨૯. પરબ, ૧૯૯૮

**૩૦.** પ્રત્યક્ષ, જુલાઈ-સપ્ટેમ્બર, ૨૦૦૩

**૩૧.** પ્રત્યક્ષ, ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૧૨

**૩૨.** પ્રત્યક્ષ, જાન્યુઆરી ૨૦૧૪

**૩૩.** બુદ્ધિપ્રકાશ, જૂન ૨૦૦૫

**૩૪.** વિવિધાસંચાર, ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૦૭

**૩૫.** વિવિધાસંચાર, ડિસેમ્બર-ફેબ્રુઆરી ૨૦૧૨

**૩૬.** શબ્દસૃષ્ટિ, મે ૨૦૦૫

**૩૭.** શબ્દસૃષ્ટિ, મે ૨૦૦૪

**૩૮.** શબ્દસૃષ્ટિ, માર્ચ ૨૦૧૦

**૩૯.** શબ્દસૃષ્ટિ, માર્ચ ૨૦૧૪

**૪૦.** સમાજસૌરભ, જોસેફ મેકવાન જન્મદિન વિશેષાંક, ઓક્ટોબર ૨૦૦૮

**૪૧.** સાહિત્યસેતુ, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૧

**૪૨.** સૂરજમુખીઃ દલિત સાહિત્ય વિશેષાંક ૧૪, એપ્રિલ ૨૦૦૧

**૪૩.** સ્વર્ણિમ ગુજરાત દીપોત્સવી વિશેષાંક, વિ.સં. ૨૦૬૬

**૪૪.** ગુજરાત દીપોત્સવી વિશેષાંક, વિ.સં. ૨૦૬૭

**૪૫.** હયાતી, જૂન ૨૦૦૩

**૪૬.** હયાતી, જૂન ૨૦૦૯

----------------------------

## ૩ કર્તાનામ સૂચિ


૧. અખો, પૃ.૬,૧૯૭

૨. અજયસિંહ ચૌહાણ, પૃ.૧૮૯

૩. અજિત ઠાકોર, પૃ.૧૪,૩૧,૩૨

૪. અડસૂળે, પૃ.૧૫

૫. અણાભાઉ સાઠે, પૃ.૨૫

૬. અણા રણપીસે, પૃ.૨૫

૭. અનિલ વાઘેલા, પૃ.૩૩,૪૯

૮. અમૃત મકવાણા, પૃ.૩૧,૩૭,૪૨,૧૯૮

૯. અરવિંદ વેગડા, પૃ..૩૧,૩૮,૪૨

૧૦. અવંતિકાપ્રસાદ મરમટ, પૃ.૭

૧૧. ઈન્દુકુમાર જાની, પૃ.૩૧

૧૨. ઓમપ્રકાશ વાલ્મીકિ, પૃ.૧૦

૧૩. કનુ અસમલીકર, પૃ.૩૭,૧૯૮

૧૪. કબીર, પૃ.૬,૨૮,૧૯૮

૧૫. કલાબેન ત્રિવેદી, ૧૬૦

૧૬. કાન્તિ માલસતર, પૃ.૩૨,૪૦,૨૬

૧૭. કાન્તિલાલ મકવાણા, પૃ.૩૮

૧૮. કાંતાવાણે, પૃ.૨૫

૧૯. કિશન ફાગુ, પૃ.૨૫

૨૦. કુસુમ મેઘવાળ, પૃ.૨૫

૨૧. કુસુમ વિયોગી, પૃ.૭૪

૨૨. કેસુ દેસાઈ, પૃ.૩૯

૨૩. ગુણવંત વ્યાસ, પૃ.૩૯,૧૯૨

૨૪. ગોવિંદરાવ ફૂલે, પૃ.૧૯

૨૫. ગૌતમબુદ્ધ, પૃ.૧૮,૧૯

૨૬. ગાંધીજી, પૃ.૨,૪,૯,૨૫

૨૭. ચંદુ મહેરિયા, પૃ.૩૩

૨૮. ચંદ્રકાંત બાંદિવડેકર, પૃ.૧૦

૨૯. ચંદ્રાબેન શ્રીમાળી, પૃ.૩૬,૧૯૮

૩૦. છત્રપતિ શાહુજી, પૃ.૨૫

૩૧. જયેશ ભોગાયતા, પૃ.૮૬,૧૮૨

૩૨. જલ્પા પટેલ, પૃ.૧૯૪

૩૩. જવાહરલાલ નહેરુ, પૃ.૨૩

૩૪. જસુમતી પરમાર, પૃ.૩૮

૩૫. જીવણ ઠાકોર, પૃ.૪૯

૩૬. જોસેફ મેકવાન, પૃ.૧૩,૩૦,૩૨,૩૩,૪૧,૧૯૮

૩૭. ઝલકારીબાઈ, પૃ.૧૯,૨૪

૩૮. તુલસીદાસ, પૃ.૨૮

૩૯. તુષાર પરમાર, પૃ.૩૮

૪૦. ત્રિભુવન તથાગત, પૃ.૩૮,૩૯

૪૧. દયા પવાર, પૃ.૨૫

૪૨. દલપત ચૌહાણ, પૃ.૩૧,૩૨,૩૬,૪૨,૧૬૮,૧૯૮,૧૯૯

૪૩. દશરથ પરમાર, પૃ.૩૨,૩૬,૪૨,૪૩,૧૩૭,૧૪૩,૧૫૦,૧૬૩,૧૬૪, ૧૯૬,૧૯૮, ૨૦૧,૨૦૨,૨૦૪,૨૦૫,૨૦૬

૪૪. દાન વાઘેલા, પૃ.૩૯

૪૫. દિનુ ભદ્રેસરિયા, પૃ.૩૮,૧૯૮

૪૬. દિનેશ હડિયલ, પૃ.૩૮

૪૭. દીપક મહેતા, પૃ.૧૩

૪૮. દીપક દોશી, પૃ.૧૬૯

૪૯. ધરમાભાઈ શ્રીમાળી, પૃ.૩૧, ૩૨,૩૪,૪૨,૪૩,૮૩,૮૪,૮૭,૧૦૯,૧૧૧,
૧૩૫, ૧૩૬,૧૯૬,૧૯૮,૧૯૯,૨૦૦,૨૦૧,૨૦૪,૨૦૫,૨૦૬,

૫૦. ધીરજ બ્રહ્મભટ્ટ, પૃ.૩૯

૫૧. નરસિંહ ઉજંબા, પૃ.૩૩

૫૨. નરસિંહ પરમાર, પૃ.૩૦

૫૩. નરસિંહ મહેતા, પૃ.૬,૧૯૭

૫૪. નરેશ વાઘેલા, પૃ.૪૧

૫૫. નરેશ શુક્લ, પૃ.૧૦૯

૫૬. નાઝીર મન્સૂરી, પૃ.૩૯

૫૭. નામદેવ ઢસાળ, પૃ.૧૦

૫૮. નીરવ પટેલ, પૃ.૧૫

૫૯. નૈકલ ગાંગેરા, પૃ.૩૯

૬૦. પથિક પરમાર, પૃ.૩૧,૩૮

૬૧. પારૂલ કંદર્પ દેસાઈ, પૃ.૧૮૦

૬૨. પુરુષોત્તમ સોલંકી, પૃ.૩૪

૬૩. પેરિયાર રામાસ્વામી, પૃ.૨૫

૬૪. પ્રવીણ ગઢવી, પૃ.૩૦,૩૧,૩૭,૪૧,૪૨,૧૯૮

૬૫. પ્રાગજીભાઈ ભામ્ભી, પૃ.૩૫

૬૬. બનસોડે, પૃ.૨૫

૬૭. બબલદાસ ચાવડા, પૃ.૩૮

૬૮. બસવેશ્વર, પૃ.૬,૧૯૭

૬૯. બાબાસાહેબ આંબેડકર, પૃ.૨,૬,૯,૬,૧૯,૨૧,૨૨,૨૩,૨૭

૭૦. બાબુભાઈ પરમાર, પૃ.૩૮

૭૧. બી.કેશરશિવમ્, પૃ.૩૧,૩૫,૧૯૮,૧૯૯

૭૨. બિરસા મુંડા, પૃ.૧૯,૨૪

૭૩. ભરત મહેતા, પૃ.૩૯,૯૭,૧૪૩

૭૪. ભી. ન. વણકર, પૃ.૩૧,૩૨,૩૬,૪૨,૪૩,૪૪,૪૫,૫૩,૮૧,૧૮૭,૧૯૬,
૧૯૮,૧૯૯,૨૦૪,૨૦૬

૭૫. મણિલાલ ન. પટેલ, પૃ.૩૯

૭૬. મધુકાંત કલ્પિત, પૃ.૩૧,૩૮

૭૭. મફત ઓઝા, પૃ.૩૯

૭૮. મહાત્મા જ્યોતિબા ફૂલે, પૃ.૧૯,૨૦

૭૯. મહારાજા સયાજીરાવ ગાયકવાડ, પૃ.૩,૨૧,૨૨,૨૪

૮૦. મહેશ જાદવ, પૃ.૩૯

૮૧. મહેશ દાફડા, પૃ.૩૮,૩૯

૮૨. મહેશ બારોટ, પૃ.૧૪૬

૮૩. માય ડિયર જયુ, પૃ.૩૯,૧૫૦

૮૪. માવજી મહેશ્વરી, પૃ.૩૨,૩૫,૧૯૮

૮૫. મીરા, પૃ.૬

૮૬. મૂળજીભાઈ પરમાર, પૃ.૩૯

૮૭. મેગિટ્યુ ચેમ્સફોર્ડ, પૃ.૭

૮૮. મોહન પરમાર, પૃ.૧૪,૩૦,૩૧,૩૨,૪૧,૪૨,૧૮૮,૧૯૮,

૮૯. મૌલિક બોરીજા, પૃ.૩૧,૩૭,૩૮,૧૯૮

૯૦. યશવંત મનોહર, પૃ.૧૦

૯૧. યશવંત વાઘેલા, પૃ.૬,૧૩,૩૮

૯૨. યોગેશ જોશી, પૃ.૩૯

૯૩. રમણભાઈ ચાવડા, પૃ.૩૩

૯૪. રમણ મેકવાન, પૃ.૩૯

૯૫. રમણ નડિયાદી, પૃ.૩૯

૯૬. રમણ વણકર, પૃ.૩૧,૩૫

૯૭. રમણ વાઘેલા, પૃ.૩૮

૯૮. રમાબાઈ આંબેડકર, પૃ.૧૯

૯૯. રમેશ ર. દવે, પૃ.૩૯

૧૦૦. રાઘવજી માધડ, પૃ.૩૪,૧૯૮

૧૦૧. રાજેન્દ્ર જાડેજા, પૃ.૩૧

૧૦૨. રાજેન્દ્ર પંડ્યા, પૃ.૫,૧૫

૧૦૩. રાણી લક્ષ્મીબાઈ, પૃ.૨૪

૧૦૪. રામચંદ્ર પટેલ, પૃ.૩૯

૧૦૫. રામલાલ વિવેક, પૃ.૧૦

૧૦૬. રામ સોલંકી, પૃ.૩૯

૧૦૭. રૈદાસ, પૃ.૬,૧૯૭

૧૦૮. લક્ષ્મણ માને, પૃ.૨૫

૧૦૯. યશવંત પરમાર, પૃ.૩૬

૧૧૦. વિઠ્ઠલ પરમાર, પૃ.૩૯

૧૧૧. વિઠ્ઠલરાય શ્રીમાળી, પૃ.૩૮,૧૯૮

૧૧૨. વિનોદ ગાંધી, પૃ.૩૯,૧૧૨,૧૧૭,૧૬૩,૧૯૮

૧૧૩. વિષ્ણુ પંડ્યા, પૃ.૩૯,૧૩૧

૧૧૪. વીર મેઘમાયો, પૃ.૧૮,૧૯

૧૧૫. શિરીષ પરમાર, પૃ.૩૦,૩૩,૪૦

૧૧૬. શિરીષ પંચાલ, પૃ.૪૧

૧૧૭. શિવદત્તા વાવલકર, પૃ.૭૪

૧૧૮. શૈલેષ ક્રિસ્ટી, પૃ.૩૬

૧૧૯. એસ.પી.પુનાલેકર, પૃ.૧૦

૧૨૦. સતીશ ડણાક, પૃ.૧૦૯

૧૨૧. સાવિત્રીબાઈ ફૂલે, પૃ.૨૦,૨૧

૧૨૨. સિલાસ પટેલિયા, પૃ.૪૮,૪૯,૭૪,૮૧,૯૦

૧૨૩. સી.જ.કાંબળે, પૃ.૨૫

૧૨૪. સુમન શાહ, પૃ.૧૬૦

૧૨૫. સુમંત રાવલ, પૃ.૪૯

૧૨૬. સૂર્યનારાયણ રણસુભે, પૃ.૧૩

૧૨૭. સંજય ચૌહાણ, પૃ.૩૭,૪૨,૪૩,૧૬૫,૧૬૬,૧૮૦,૧૯૪,૧૯૫,૧૯૬,
૧૯૮,૨૦૨,૨૦૪,૨૦૫,૨૦૬

૧૨૮. સંજય પ્રસાદ, પૃ.૩૧,૪૨

૧૨૯. સ્વામી અછૂતાનંદ, પૃ.૨૫

૧૩૦. હરીશકુમાર મકવાણા, પૃ.૩૩

૧૩૧. હરીશ મંગલમ્, પૃ.૬,૧૪,૩૦,૩૧,૩૨,૩૫,૪૨,૧૯૮

૧૩૨. હરિ પાર, પૃ.૩૪

૧૩૩. હરેશ પરમાર, પૃ.૭૪

૧૩૪. હર્ષદ ત્રિવેદી, પૃ.૩૯

૧૩૫. હસમુખ વાઘેલા, પૃ.૩૬

૧૩૬. હર્ષદ સોલંકી, પૃ.૧૪૬

-----------------------------

# ૪ કૃતિનામ સૂચિ

૧. અદૃશ્ય દીવાલો, પૃ.૩૫

૨. અનહદ, પૃ.૪૪

૩. અનુચ્છેદ, પૃ.૪૨

૪. અનુબંધ, પૃ.૪૪

૫. અનુભૂતિ, પૃ.૩૮

૬. અનુસંધાન, પૃ.૪૪

૭. અમાસના કાળા તારા, પૃ.૩૫

૮. અશ્રુપાત, પૃ.૩૭

૯. અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશ, પૃ.૮

૧૦. અંતરવ્યથા, પૃ.૩૧,૩૭

૧૧. આગળો, પૃ.૩૩

૧૨. ઓછપ, પૃ.૧૩૮

૧૩. આભડછેટના ઓછાયા, પૃ.૩૧

૧૪. આર્કિડનાં ફૂલ, પૃ.૩૩

૧૫. અનામિકા નામ શોધે છે, પૃ.૩૩

૧૬. અષાઢ, પૃ.૩૪

૧૭. અંચળો, પૃ.૩૨

૧૮. એકલવ્યની આરાધના, પૃ.૩૬

૧૯. એના શહેરની એકલતા, પૃ.૩૭,૧૬૫,૧૬૬,૨૦૨

૨૦. ઓક્સફર્ડ શબ્દકોશ, પૃ.૮

૨૧. ઓવરબ્રિજ, ૪૪

૨૨. કડવાં ઘૂંટડાં, પૃ.૩૮

૨૩. કુંભી, પૃ.૩૨,૪૨

૨૪. કેસૂડા, પૃ.૮૩

૨૫. કોલાહલ, પૃ.૩૩

૨૬. ગુજરાત પોપ્યુલેશન હિન્દુસ, પૃ.૬

૨૭. ગુજરાતી દલિત ટૂંકી વાર્તા, પૃ.૩૧

૨૮. ગુજરાતી દલિત વાર્તા, પૃ.૩૦,૩૨

૨૯. ગુજરાતી નવલિકાચયન ૧૯૯૯, પૃ.૧૩૭

૩૦. ગુજરાતી નવલિકાચયન ૨૦૦૦, પૃ.૧૩૭

૩૧. ગુજરાતી નવલિકાચયન, પૃ.૧૬૫

૩૨. ગુજરાતી પ્રતિનિધિ વાર્તા, પૃ.૩૨

૩૩. ગ્રામચેતનાની નવલિકાઓ, પૃ.૧૩૭

૩૪. ચકુનો વર, પૃ.૩૬

૩૫. ચણીબોર, પૃ.૩૬

૩૬. ચણીબોર અને બીજી વાર્તાઓ, પૃ.૩૧

૩૭. ચર્ચ ઓફ સાઉથ ઇન્ડિયા, પૃ.૬

૩૮. ચીસ, પૃ.૪૪

૩૯. છદ્મરૂપ, પૃ.૩૧

૪૦. જન્મોત્સવ, પૃ.૩૧

૪૧. જીવાદોરી, પૃ.૩૦

૪૨. ઝબકતા તારલાં, પૃ.૩૮

૪૩. ઝાલર, પૃ.૩૪

૪૪. ઝાળ, પૃ.૩૬

૪૫. ઝાંખરું, પૃ.૩૧,૩૪,૮૩,૧૧૧,૨૦૦

૪૬. ડર, પૃ.૩૧,૩૭

૪૭. ડૉ.લક્ષ્મી,પૃ.૩૫

૪૮. ડૉ.સીમા, પૃ.૩૫

૪૯. તરસ એક ટહુકાની, પૃ.૩૪

૫૦. તલપ, પૃ.૩૧

૫૧. તોરણ, પૃ.૩૧,૩૫

૫૨. થીજી ગયેલી રાત, પૃ.૩૦,૩૩

૫૩. થુંબડી, પૃ.૩૭,૧૬૫,૧૬૬,૨૦૨

૫૪. દલિત ગુજરાતી વાર્તા, પૃ.૩૧,૩૨

૫૫. દલિત વાર્તાસૃષ્ટિ, પૃ.૩૧

૫૬. દલિત સાહિત્ય, પૃ.૪૪

૫૭. દલિત સાહિત્યની રૂપરેખા, પૃ.૩૦

૫૮. દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર, પૃ.૨૩

૫૯. ધીંગી ધરાની જોમ, પૃ.૩૪

૬૦. નકલંક, પૃ.૩૨

૬૧. નરક, પૃ.૩૧,૩૪,૮૩,૮૭,૨૦૦

૬૨. નવી કેડી, પૃ.૩૬

૬૩. નવોન્મેષ, પૃ.૪૪

૬૪. નીલ ગગનના પંખેરું, પૃ.૩૮

૬૫. નીલમણિ, પૃ.૩૩,૩૪

૬૬. પતંગિયા જેવું સપનું, પૃ.૩૮

૬૭. પન્નાભાભી, પૃ.૩૩

૬૮. પચ્ચીસ ચોકા દોઢસો, પૃ.૧૩૨

૬૯. પર્યાય, પૃ.૪૪

૭૦. પવન, પૃ.૩૫

૭૧. પારખું, પૃ.૩૬,૧૩૭,૧૩૮,૧૪૩,૨૦૧

૭૨. પીઠી, પૃ.૩૧,૩૪,૮૩,૧૨૯,૧૩૫,૨૦૦,૨૦૧

૭૩. પોઠ, પૃ.૩૨

૭૪. પ્રતિનિધિ દલિત વાર્તા, પૃ.૩૧,૩૭,૧૩૭

૭૫. પ્રતીક્ષા, પૃ.૩૭

૭૬. પ્રત્યાયન, પૃ.૪૪

૭૭. પ્રાકૃત શબ્દકોશ, પૃ.૭

૭૮. ફરી આંબા મ્હોરે, પૃ.૩૩

૭૯. ફરી પાછા પૃથ્વી પર, પૃ.૩૫

૮૦. બરફનાં હૈયાં, પૃ.૩૮

૮૧. બવંડર, પૃ.૭૪

૮૨. બીજી બોણી, પૃ.૩૩

૮૩. બે ઈમેઈલ અને સરગવો, પૃ.૩૬,૧૩૮,૧૪૩,૧૫૭,૨૦૧

૮૪. ભગવદ્‌ગોમંડળ, પૃ.૮

૮૫. ભંડારિયું, પૃ.૮૩

૮૬. ભીંસ, પૃ.૩૧,૩૭

૮૭. ભેલાણ, પૃ.૩૧,૩૭

૮૮. મધપૂડો, પૃ.૩૫

૮૯. મનુસ્મૃતિ, પૃ.૪

૯૦. મરાઠી શબ્દોકોશ, પૃ.૮

૯૧. મલાકા, પૃ.૩૭

૯૨. મહાભિનિષ્ક્રમણ, પૃ.૩૧,૪૨

૯૩. માણકી, પૃ.૩૫

૯૪. માનક હિંદી-અંગ્રેજીકોશ, પૃ.૮

૯૫. મૂંઝારો, પૃ.૩૧,૩૬

૯૬. મેળો, પૃ.૩૪

૯૭. મૌનના મુકામ પર, પૃ.૪૪

૯૮. યજુર્વેદ, પૃ.૪,૫

૯૯. યથાર્થ, પૃ.૪૪

૧૦૦. યાદ, પૃ.૪૪

૧૦૧. રણદ્વીપ, પૃ.૪૪

૧૦૨. રવેશ, પૃ.૩૪,૮૩,૧૦૯,૨૦૦

૧૦૩. રાખબની પ્રીત, પૃ.૩૪

૧૦૪. રાતી રાયણની રતાશ, પૃ.૩૦,૩૧,૩૫

૧૦૫. રેડ કાર્પેટ, પૃ.૩૮

૧૦૬. રોનક, પૃ.૩૪

૧૦૭. લાજ, પૃ.૩૧,૩૫

૧૦૮. લાડકવાયો, પૃ.૩૮

૧૦૯. લિસોટો, પૃ.૩૧

૧૧૦. વણબોટી વાર્તાઓ, પૃ.૩૧,૩૨

૧૧૧. વાર્તાલોક, પૃ.૩૧

૧૧૨. વિદિત, પૃ.૬

૧૧૩. વિલોપન, પૃ.૩૧,૩૬,૪૪,૪૫,૭૪,૮૦,૮૧

૧૧૪. વિવૃત્તિ, પૃ.૪૪

૧૧૫. વિસ્મય, પૃ.૩૧,૩૨

૧૧૬. વેતાલિકા, પૃ.૩૦,૩૩

૧૧૭. શમણાની સોડ, પૃ.૩૮

૧૧૮. શહીદ, પૃ.૩૫

૧૧૯. સનેપાત, પૃ.૩૭

૧૨૦. સપનાનો ઉજાગરો, પૃ.૩૩

૧૨૧. સમકાલીન ગુજરાતી દલિત કહાનિયાં, પૃ.૪૦

૧૨૨. સંબંધ, પૃ.૩૪

૧૨૩. સંસ્કૃત શબ્દકોશ, પૃ.૭

૧૨૪. સાક્ષી સાબરની, પૃ.૩૮

૧૨૫. સાધનાની આરાધના, પૃ.૩૦,૩૩

૧૨૬. સાર્થ ગુજરાતી જોડણીકોશ, પૃ.૮

૧૨૭. સાંકળ, પૃ.૩૪,૮૩,૨૦૦

૧૨૮. સુકેશી, પૃ.૩૮

૧૨૯. સૂરજ પંખી, પૃ.૩૦,૩૭

૧૩૦. સૂર્યાનુભૂતિ, પૃ.૪૪

૧૩૧. સૂર્યાવન, પૃ.૪૪

૧૩૨. હણહણાટી, પૃ.૩૨

૧૩૩. ૧૯૯૮ની શ્રેષ્ઠ વાર્તાઓ, પૃ.૧૩૭

૧૩૪. ૨૦૦૩ની શ્રેષ્ઠ વાર્તાઓ, પૃ.૧૬૫

૧૩૫. ૨૦૦૯ની શ્રેષ્ઠ વાર્તાઓ, પૃ.૧૬૫

---